વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ ₹ ૫૦-૦૦

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ એક વૈશ્વિક વિચારધારા

Vishv UMIYA Foundation

તંત્રી–ડૉ. પ્રભુદાસ પટેલ



## ૐ નમઃ શિવાય

**હિન્દુસ્તાનમાં જુદે જુદે ઠેકાણે બાર સ્વયંભૂ દેવતાઈ શિવલિંગ પૂજાય છેઃ સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલ, ઓમકાર, કેદારનાથ, ભીમાશંકર, વિશ્વેસર, નાગેશ્વર, રામેશ્વર, વૃષ્ણેશ્વર, ત્ર્યંબકેશ્વર, વૈજનાથ.**

**તા. ૧૮.૨.૨૦૨૩ – મહાશિવરાત્રીની શુભકામનાઓ**

## નવી દિશા... નવા વિચાર...








# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરીકો માટે જૂથ અકસ્માત વિમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સીંગ યોજનામાં ૪૦% સુધીની આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહત દરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસીસ લેબની નજીવા દરે ટેસ્ટીંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલીટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સિઝનમાં ફ્રી છાસનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મીનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય

APMC UNJHA Since 1954
AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

## જય સહકાર... જય કિસાન...

| | | |
|---|---|---|
| વિષ્ણુભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
| સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડીરેક્ટર ગણ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા



Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701
hello@mayflowerhospital.com
+91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

Special NRI Season Offer
1st Dec. 2022 to 15th Jan. 2023

CELEBRATING 40 YEARS

GAJANAND® RETAIL

# દેશની યાદગીરી, ગજાનંદ મસાલા વગર અધૂરી

₹2501/- ની ખરીદી ઉપર 10 ગ્રામ ચાંદીનો સિક્કો

ફ્રી Silver Coin

₹4501/- ની ખરીદી ઉપર 20 ગ્રામ ચાંદીનો સિક્કો




## 100+ પ્રોડક્ટ રેન્જ

- કુમઠીલાલ કાશ્મીરી મરચું
- રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
- પ્રીમિયમ મરચું
- તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
- કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉવ)
- પ્રીમિયમ હળદર પાવડર
- પ્રીમિયમ ધાણાજીરું પાવડર
- પ્રીમિયમ ધાણા પાવડર
- સોર્ટેક્સ ક્લીન આખા મસાલા
- તેજાના
- આચાર મસાલા
- કાબુલી સ્ટ્રોંગ હીંગ
- ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
- ઇન્સ્ટન્ટ મિક્સ
- આસામની પ્રીમિયમ ચા
- ફરાળી પ્રોડક્ટ્સ
- મુખવાસ
- નેચરલ સીડ્સ
- પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
- પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
- કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...

## એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ

રન્નાપર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઈટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111

આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ
# ઉમાસૃષ્ટિ
આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**ફેબ્રુઆરી ૧, ૨૦૨૩**
**વર્ષઃ** ૦૧ **અંકઃ** ૦૨ સળંગ **અંકઃ** ૦૨
**માલિકઃ** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**February 1, 2023**
**Year :** 1, **Ank :** 2, **Conti. Ank :** 2
**Owner :** Vishv Umiya Foundation




**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળઃ** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Utpal Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Ashok Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi


**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $


**ઈ-મેઈલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ,
વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ,
તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222


**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રકઃ** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv UmiyadhamJaspur, Kalol, Gandhinagar


# અનુક્રમ



## કવર સ્ટોરી-૨૬

### મહાશિવરાત્રી

મહાશિવરાત્રિ હિંદુઓ માટે એક મોટું પર્વ છે, જેને ભક્તો ધામધૂમથી ઊજવે છે. ભક્તો તેમના આરાધ્ય દેવ ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે ઉપવાસ રાખે છે. મહાશિવરાત્રિ વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે.

૧૧ એવા માણસો આપો...
૧૨ વેદોનો દિવ્ય સંદેશ
૧૩ શ્રી રામચરિત માનસ કથાસાર
૧૪ રંગ વચનામૃતઃ
૧૫ ધર્મ સંસ્કૃતિનાં મૂળ




૧૭ શિક્ષણની અસરો
૧૮ બાળક માટે અણમોલ છે માતાપિતાનો સમય...
૧૯ કેવી શિક્ષણ સંસ્થાઓ પ્રભુને ગમે?
૨૦ બાળકો મા-બાપનું અપમાન કરે તો ઠપકો આપવો જરૂરી છે




૨૧ 'ખરાબ ઝડપ' : એક અભિશાપ
૨૩ નફરતના કોરડા વીંઝી-વીંઝીને તૂટી ગયેલા એ દિલનું શું કરીશું?
૨૪ તુઝસે નારાઝ નહીં જિંદગી, હૈરાન હૂં મૈં...
૨૫ પતિ-પત્નીના વિવાહિત જીવનનો મહત્ત્વનો દસ્તાવેજ મેરેજ સર્ટિફિકેટ




૨૯ બાળકોને સમજાવો સારા-નરસા સ્પર્શ વચ્ચેનો ભેદ
૩૦ ભયનું ચિકિત્સાલય
૩૨ કુંવર
૩૩ રૂપિયો ક્યાંથી આવે છે?
૩૪ નવી ભોજન પ્રથા શા માટે?
૩૭ બાલ સૃષ્ટિ
૩૮ દાતાશ્રેષ્ઠી
૪૦ પ્રવૃત્તિઓ
૪૪ સમાચાર
૪૬ વીયુએફ
૪૮ કંજૂસનું દુઃખ

# પ્રમુખશ્રીનું નિવેદન



# જગતજનની મા ઉમિયાના મંદિરનો હું પણ પાયાનો પિલ્લર છું

**આધ્યાત્મિક ચેતના સમાજ જીવનના પાયાનો આધારસ્તંભ છે.**

ગૌરવ સાથે જણાવતાં આનંદ થાય છે કે જેનું મહા ભૂમિપૂજન ભારતના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે થયેલ છે,

તેવા જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) શક્તિ મંદિરનું નિર્માણ કાર્ય ૨૪ કલાક ગતિપૂર્વક વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે ચાલી રહેલ છે. એટલે કે મા ઉમિયાના મંદિરનો સૂર્યોદય થઈ ચૂક્યો છે અને હવે અજવાસ પથરાઈ રહ્યો છે.

મિત્રો ! આટલા ઊંચાં મંદિરનું નિર્માણ કરવું અઘરું જરૂર છે; પણ નામુમકિન નથી. કલ્પના પણ ન થઈ શકે તેટલી તકેદારીઓ રાખવાની હોય છે. વાવાઝોડું, અતિવૃષ્ટિ અને ધરતીકંપ જેવી કોઈપણ કુદરતી આફતની અસર ન થાય તે માટે જમીનમાં લગભગ ૮૦ ફૂટ સુધી ઊંડે પાયાના પિલ્લર ઉતારવાનું કાર્ય હાલમાં ચાલુ છે અને...

આવા ૧૪૫૧ જેટલા પાયાના પિલ્લર ઉપર મા ઉમિયાનો ગગનવિહાર ૫૦૪ ફૂટ ઊંચો બંધાઈ રહ્યો છે, ત્યારે **જગતજનની જગદંબા મા ઉમિયાના મંદિરનો હું પણ પાયાનો પિલ્લર છું** એવા ભાવ સાથે સર્વ સમાજના પરિવારો મંદિર નિર્માણમાં સહભાગી બને તેવી મારી હૃદયપૂર્વકની લાગણી છે.

આપના પરિવાર ઉપર મા ઉમિયાની અસીમ કૃપા વરસી રહી છે, ત્યારે આપશ્રીનો પરિવાર પણ મા ઉમિયાના મંદિરના પાયાના પિલ્લર થવા માટેનો સંકલ્પ કરી અવિસ્મરણીય મંદિર નિર્માણના સાક્ષી બને તેવી મા ઉમિયાને અમો પ્રાર્થના કરીએ છીએ. મંદિરના ગર્ભગૃહના પાયાના પિલ્લરનું સૌભાગ્ય પ્રાપ્ત કરવા આપશ્રીએ રૂા. ૧૫ લાખનો સહયોગ અને ગર્ભગૃહ સિવાયના મંદિરના પાયાના પિલ્લર માટે રૂા. ૧૧ લાખનો સહયોગ આપવાનો છે. જેની નોંધ કાયમ માટે મંદિર પરિસરમાં બોર્ડ ઉપર મૂકવામાં આવશે.

સજ્જનો ! વિશ્વ ઉમિયાધામમાં મા ઉમિયાની દેવવાણીનો રણકાર નિરંતર સંભળાઈ રહ્યો છે. આ સ્થાનનો - આ ધરતીનો એક આગવો ઈતિહાસ લખાઈ રહ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૩૩૨ પરિવારોએ પાયાના પિલ્લર દાતા બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે, ત્યારે આપના પરિવારનો એક કીર્તિસ્તંભ અત્યારથી જ નક્કી કરી પાયાના પિલ્લરમાં નામ નોંધાવી ભાગ્યશાળી બનશો એવી અપેક્ષા રાખું છું.

યાદ રહે !

નામ રહંતાં ઠક્કરાં, નાણાં નહિ રહંત, કીર્ત કેરાં કોટડાં, પાડ્યા નહિ પડંત.

**આર. પી. પટેલ**
પ્રમુખ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

## તંત્રીલેખ



- ડો. પ્રભુદાસ પટેલ




# પાટીદારો, જાગો - ચેતો - સમજો

ગુજરાતી મહાજાતિ છે, તો પાટીદાર મહાજ્ઞાતિ છે. પાટીદારોની પ્રગતિ પ્રશસ્ય છે. બીજી જ્ઞાતિઓને સરસાઈ કરવા પ્રેરે એવી છે. પાટીદાર ગુણવત્તામાં અગ્રેસર છે. **ગુજરાતમાં જ નહીં, વિદેશમાં પણ એનો ડંકો વાગે છે.** પ્રત્યેક પાટીદાર સરદાર છે. કૃષિ, વેપાર, પશુપાલન, ઉદ્યોગ, શિક્ષણ, અર્થકારણ, રાજકારણ અને સમાજકારણમાં અગ્રણી છે. **પ્રવર્તમાન યુગમાં પટેલોએ વિવિધ ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી ગુજરાતી સમાજનું ગૌરવ વધાર્યું છે.**

...પણ પટેલના **'હાથ સોનાના પણ જીભ કુહાડાની'** તેનો પરચો જનતાને થતો રહ્યો છે અને તેથી કેટલીક બાબતોમાં પાટીદારોએ ચેતવાની જરૂર છે. પાટીદારો રાજકારણનો ભોગ બની રહ્યા છે. પાટીદારોની એકતા ભ્રામક છે. પાટીદારોને જ પાટીદારો સાથે લડાવવામાં આવે છે. પાટીદારોનું એક મજબૂત સંગઠન જ નથી. **પાટીદારોની જ્ઞાતિઓ - પેટાજ્ઞાતિઓ અપાર છે. વળી તે બધા વિખરાયેલા છે. લોકશાહીમાં જ્ઞાતિવાદ ચાલે નહીં.**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને ગુજરાત નહીં, પરંતુ **સમગ્ર વિશ્વના પાટીદારોને એક કરી એક મજબૂત વૈશ્વિક સંગઠનનો વિચાર મૂક્યો છે.** મા ઉમિયા ફક્ત કડવા પાટીદારો પૂરતી સીમિત ન રહેતાં સમગ્ર વિશ્વની તમામ જ્ઞાતિ - જાતિ - ધર્મ - સંપ્રદાયના ભેદ વગર જગત જનની કહેવાયાં છે. મા ઉમિયા દેવોની પણ દેવી છે. એસ. જી. હાઈવે ઉપર વૈષ્ણોદેવી મંદિર સામે જાસપુર રોડ પર **એકસો વીઘા જમીનમાં રૂપિયા એક હજાર કરોડના પ્રોજેક્ટ અંતર્ગત વિશ્વમાં મા ઉમિયાનું સૌથી ઊંચું (૫૦૪ ફૂટ) શક્તિમંદિર નિર્માણાધીન છે.** સાથે સાથે શિક્ષણ - આરોગ્ય - મહિલા - યુવાનો માટેના પણ પ્રોજેક્ટ ખરા જ.

હવે પાટીદારો જ્ઞાતિઘર્ષણના ભોગ ના બને. પાટીદારોએ અન્ય જ્ઞાતિ સામે પણ જંગ છેડવાની ક્યાં જરૂર છે? હવે સંઘર્ષ નહીં, સમન્વયની જરૂર છે. વિચારીને વર્તો, સંસ્કારી સંયમ એ પ્રશિષ્ટતાની પહેલી ફરજ છે અને શરત પણ છે. મોંઘીદાટ ગાડીઓ, મોંઘો દારૂ, અવસરોના જલસા, દેખાડો, જેને કારણે જીવનધોરણ ઊંચું આવી ગયું. **હર હાથમાં કામ હોવું જોઈએ તેને બદલે હર હાથમાં આજે મોબાઈલ રમી રહ્યો છે, યુવાનો પરિશ્રમથી દૂર જઈ રહ્યા છે, રસોડા નાનાં ને બાથરૂમ મોટા થઈ રહ્યા છે.**

યાદ રહે! સમજણ અને સમાધાનવૃત્તિ સુખી કરે. જ્ઞાતિ એ અપૂર્ણ અને અધકચરી ઓળખ છે. શિક્ષણ, સંસ્કાર, પદ, પ્રતિષ્ઠા, સત્કર્મ, વિદ્યા, કલા, સંસ્કૃતિ, ઉદ્યમ, શીલ, ચારિત્ર્ય અને વ્યવસાય એ બધું મળીને ઓળખ-ઈમેજ ઊભી થાય છે. Knowledge is power. જ્ઞાન જ શક્તિ છે. Knowledge is powerful currency of the 21st century. **ભગવાન કૃષ્ણને ભક્તો જરૂર ગમતા, પણ જ્ઞાની ભક્તો વધારે ગમતા.**

અને છેલ્લે... સમયે ઓળખો. તમારી બહેન-દીકરીઓને સાચવો. ઘરેથી ભાગી જવાના કિસ્સા વધી રહ્યા છે. લવજેહાદે જોર પકડ્યું છે. હવે તો સરકાર પણ તમારા પક્ષે છે. ચારે બાજુ નજર રાખો, આંખ-કાન ખુલ્લા રાખો, વ્યસન દીકરા-દીકરીઓને ખતમ કરી નાખશે. શિક્ષણ-સંસ્કાર અને સંગઠન જ સમાજને નિરામય બનાવશે. ચાલો! **આવતી કાલના તેજસ્વી સૂર્યોદય માટે તૈયાર થઈ જઈએ.**

**कत्रे हो तो मिल जाओ**
**बनेगा समंदर महान**

**માણિક્યમ્**

જ્યારે તમે એકલા હો ત્યારે,
તમારા વિચારોને કાબૂમાં રાખો.
જ્યારે તમે મિત્રો સાથે હો ત્યારે,
તમારી જીભને કાબૂમાં રાખો.
જ્યારે તમે ગુસ્સામાં હો ત્યારે,
તમારા મગજને કાબૂમાં રાખો.
જ્યારે તમે સમૂહમાં હો ત્યારે,
તમારી વર્તણૂકને કાબૂમાં રાખો.
જ્યારે તમે મુશ્કેલીમાં હો ત્યારે,
તમારા મનોભાવને કાબૂમાં રાખો.
**જ્યારે ઈશ્વરના આશીર્વાદ તમારા પર હો**
**ત્યારે તમારા અભિમાનને કબૂમાં રાખો.**

તંત્રી

મને મારા કામ બદલ
તગડો પગાર મળે છે.
રુશ્વતની ઓફર કરીને
મારું અપમાન કરશો નહીં.
તમારું વાજબી કામ કરી આપું
તેમાં હું તમારા ઉપર ઉપકાર કરતો નથી.
તમારું કોઈ પણ ગેરવાજબી કામ
હું પૈસા લઈને ન કરી આપું
તેની ખાતરી રાખશો.
હું તમારો મિત્ર છું
કારણ કે
હું ભારતીય નાગરિક છું.

**- ગુણવંત શાહ**


Celebrating More than 40 years of Trust, Taste & Purity
www.ankuroils.com
SINCE 1978
Ankur®
EDIBLE OILS
એજ અતૂટ બંધન
100% NATURAL
New Pack
Ankur
FILTERED
GROUNDNUT OIL
Our Other Products:
Refined Cottonseed Oil, Refined Sunflower Oil,
Refined Soyabean Oil, Refined Corn Oil,
Kachi Ghani Mustard Oil, Mild Mustard Oil
Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015
Business Inquiry No.: +91 82382 38250
Follow us on:
marshmallow

उन्नति
सबमर्सिबल पम्प

Since 1969
Unnati
SUBMERSIBLE PUMP

*"Together we can do it*
*Together we have always done it"*



ENERGY IS LIFE
BEE
CONSERVE IT
BEE/ /

ISO 9001
BUREAU VERITAS
Certification

MORE STARS MORE SAVINGS

IS : 8034

**Unnati Pumps Private Limited**


81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com



જોશીઆ ગિલ્બર્ટ, હોલેન્ડ

# એવા માણસો આપો...



એવા માણસો આપો,
હે પરમાત્મા! અમને માણસો આપો.
મોટા શબ્દોમાં ને નાના કામમાં,
સ્વાર્થની લીલામાં ને જડ વિચારોમાં
રાચનારા આજે સર્વત્ર નજરે પડે છે.
મુક્તિ રડે છે, ન્યાય ઘોરે છે, અનિષ્ટ શાસન કરે છે.
ત્યારે હે પરમાત્મા!
અમને માણસો આપો.

જેનું મન મજબૂત અને હૃદય વિશાળ હોય,
જે શ્રદ્ધાવાન ને સદા કાર્યરત હોય,
જેને સત્તા ખરીદી શકે નહીં, જે અસત્ય બોલે નહીં,
જે સદા પોતાનું માન જાળવે.
જે લોભામણા શબ્દોથી ફસાય નહીં
ને ખુશામતખોરીમાં પીગળે નહીં.
હે પ્રભુ!

વિચારમાં ને વર્તનમાં એક હોય
અંધકારના ધુમ્મસમાંથી ઊંચે ઊઠી
સૂર્યનો મુગટ ધારણ કરી શકે
એવા મૂઠી ઊંચેરા માણસો
હે પ્રભુ! અમને આપો. ■



**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

नराशंसः सुषूदतीमं यज्ञमदाभ्यः ।
कविर्हि मधुहस्त्यः ॥

(ઋગ્વેદ ૫/૫/૨)



**ભાવાર્થ :** વિદ્વાન પુરુષો ઇચ્છે છે કે તેઓ સત્ય અને જ્ઞાનના સદ્દુપદેશથી લોકોને એવા સુખી બનાવે, જેમ ગાય પોતાના દૂધથી પોતાના પાલકને સુખી બનાવે છે.

**સંદેશ :** મધ્યકાલીન અંધકારયુગમાં કોણ જાણે કેવી રીતે આપણે ધર્મ, અધ્યાત્મ, દર્શન, આત્મજ્ઞાન, બ્રહ્મવિદ્યા, સાધના, સ્વાધ્યાય વગેરેના એવા અર્થ કરી નાખ્યા કે જેનાથી સમાજને ઊંધી દિશા મળી. પ્રાચીનકાળમાં, વૈદિક યુગમાં, રામરાજ્યમાં, મૌર્ય અને ગુપ્તકાળમાં આપણો દેશ જગદ્ગુરુ હતો. તે વખતે **શાસ્ત્રોમાંથી પ્રેરણા લઈને આપણે લૌકિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ કરતા ગયા. તે શાસ્ત્રોના અર્થના અનર્થ કરવાથી સંસારમાં આજે આપણે એક ભિખારીની સ્થિતિમાં પહોંચી ગયા છીએ.**

શિક્ષણ ફક્ત ભૌતિક હેતુઓ પૂરા કરે છે. જીવનનું વાસ્તવિક લક્ષ્ય મેળવવા માટે, સુખશાંતિભર્યું જીવન જીવવા માટે માણસે

**[ શિક્ષણ ફક્ત ભૌતિક હેતુઓ પૂરા કરે છે. જીવનનું વાસ્તવિક લક્ષ્ય મેળવવા માટે, સુખશાંતિભર્યું જીવન જીવવા માટે માણસે જ્ઞાનવાન, સદાચારી અને કર્તવ્યપરાયણ બનવું જોઈએ ]**

જ્ઞાનવાન, સદાચારી અને કર્તવ્યપરાયણ બનવું જોઈએ. આ સાચી વિદ્યા છે. ઋષિઓએ વિદ્યા અને શિક્ષણ એ બંને કાર્યોને પોતાના હાથમાં લીધાં અને સત્ય તથા જ્ઞાનના સદ્દુપદેશથી જીવનરથને સરળ બનાવ્યો. આ જ્ઞાનના અભાવથી જ સમાજમાં દોષો વધ્યા હતા. **જે રીતે શરીરમાંથી બધું લોહી નીકળી જાય તો પ્રાણ નીકળી જાય છે, એ રીતે ચેતનામાંથી સત્ય અને જ્ઞાન નીકળી જવાથી માનવી નિષ્પ્રાણ મૃતક જેવો થઈ જાય છે.**

ઋષિ તેને કહે છે, બ્રાહ્મણ તેને કહે છે, જે સમાજ અને સંસ્કૃતિનું દુઃખદર્દ સમજે છે, સત્ય અને જ્ઞાનના સદ્દુપદેશથી સમાજની વિકૃતિઓને દૂર કરે છે. પરશુરામે એવા સમયે માળા ખૂંટી પર લટકાવી દીધી અને હાથમાં ફરસી લીધી હતી. ગુરુ ગોવિંદસિંહે 'એક હાથમાં માળા અને બીજા હાથમાં ભાલો'નો નારો આપ્યો હતો. **ગુરુ ગોવિંદસિંહે કહ્યું કે આ મુક્તિનો માર્ગ છે. તેમણે શીખોના માથા ઉપર માળા બંધાવી દીધી અને કહ્યું, 'તલવાર ચલાવો, રાષ્ટ્ર તથા સંસ્કૃતિની રક્ષા કરો.' આ સાચા ઋષિનો માર્ગ છે.**

શિક્ષણ માનવીના વિકાસની એક મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે. તેનો હેતુ માનવીનો ઊર્ધ્વગામી વિકાસ કરવાનો છે. તે તેના સંપૂર્ણ વ્યક્તિત્વને વિકસિત કરે છે. સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું, 'જે શિક્ષણ સામાન્ય માણસને જીવનસંગ્રામમાં સમર્થ બનાવી શકતું નથી, જે મનુષ્યમાં ચારિત્ર્યબળ, પરહિતની ભાવના તથા સિંહના જેવું સાહસ પેદા કરી શકતું નથી તે શું શિક્ષણ છે? જે શિક્ષણ વડે જીવનમાં પોતાના પગ ઉપર ઊભા રહી શકાય તે જ સાચું શિક્ષણ છે.' **વાસ્તવમાં આપણને એવા શિક્ષણની જરૂર છે, જેનાથી ચારિત્ર્યનું નિર્માણ થાય, માનવીની માનસિક શક્તિ વધે અને તે સ્વાભિમાની તથા સ્વાવલંબી બને.**

આપણા વિદ્વાનો અને બ્રાહ્મણોએ ભારતના પ્રાચીન ગૌરવ અને પોતાની સંસ્કૃતિના ગૌરવનું પુનરુત્થાન કરવા માટે જનસ્તરે કે વ્યક્તિગતરૂપે, જે રીતે શક્ય હોય તે રીતે શિક્ષણના સાર્થક સ્વરૂપને પુનર્જીવિત કરવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. **આ 'અસતો મા સદ્દ્ગમય'ની મૂળ ભાવના છે. આ શિક્ષકોનો અને ઉપદેશકોનો સાચો ધર્મ છે. વિદ્વાનો અને બ્રાહ્મણોએ આ માર્ગ ઉપર ચાલીને સમાજને સુખી બનાવવાની જવાબદારી નિભાવવાની છે.** ■




# ધર્મ સૃષ્ટિ



સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**રામજન્મ ભૂમિ અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીનું મંદિર નિર્માણ થઈ રહ્યું છે ત્યારે ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ તંત્રીશ્રીની કલમે.**



**પૂર્વકથાઃ** મહામુનિ વિશ્વામિત્ર સાથે પ્રભુ રામજી અને લક્ષ્મણજી જનકપુરીમાં પધાર્યા. રાજા જનકે શાનદાર સ્વાગત કર્યું. રાજાએ મુનિને પૂછ્યું, **આ બંને સુંદર કુમારો મુનિકુળનાં આભૂષણ છે કે કોઈ રાજવંશના રક્ષક?** હે પ્રભુ મને બતાવો.

**હવે આગળઃ**

**ए प्रिय सबहि जहाँ लगि प्रानी**
**मन मुसकाहिं रामु मुनि बानी**

ત્યારે મુનિએ કહ્યું, જગતમાં જેટલાં પ્રાણી છે એ સર્વને પ્રિય રઘુકુળમણિ મહારાજ દશરથના પુત્ર છે. મારા ભલા માટે રાજાએ એમને મારી સાથે મોકલ્યા છે. આ રામ અને લક્ષ્મણ બંને શ્રેષ્ઠ ભાઈઓ રૂપ, શીલ અને બળના ધામ છે. **તેમણે યુદ્ધમાં અસુરોને જીતીને મારા યજ્ઞાની રક્ષા કરી છે.**

**पुनि पुनि प्रभुरि चितव नरनाहू**
**पुलक गात उर अधिक उछाहू**

રાજા પ્રભુને વારંવાર જુએ છે. શરીર પુલકિત થઈ રહ્યું છે અને હૃદયમાં ઘણો ઉત્સાહ છે. પછી રાજાએ મુનિની પ્રશંસા કરી એમનાં ચરણોમાં શીશ નમાવી નગરમાં લઈ ચાલ્યા. **એક સુંદર મહેલમાં ઉતારો આપી રાજા વિદાય માગીને પોતાના ઘેર ગયા.**

**लखन हृदयं लालसा बिसेबी**
**जाई जनकपुर आईअ देखी**

લક્ષ્મણજીના હૃદયમાં વિશેષ લાલસા છે કે જઈને જનકપુર જોઈ આવીએ, પણ શરમના માર્યા પ્રકટમાં કશું કહેતા નથી. મનમાં ને મનમાં મલકાય છે. **શ્રી રામજીએ નાના ભાઈના મનની દશા જાણી લીધી ને વિનય સાથે મલકાતાં મલકાતાં બોલ્યા...**

**नाथ लखनु पुरु देखन चाहहीं**
**प्रभु सकोच डर प्रगट न कहहीं**

હે નાથ! લક્ષ્મણ નગર જોવા ઈચ્છે છે, પરંતુ આપના ડર અને સંકોચના કારણે સ્પષ્ટ નથી કહેતા. જો આપની આજ્ઞા પામું તો હું તેમને નગર દેખાડીને તુરત જ પાછા લઈ આવું. આ સાંભળી વિશ્વામિત્રજી પ્રેમસહિત બોલ્યા, હે રામ! તમે ધર્મની મર્યાદાનું પાલન કરનારા છો. જાઓ બંને ભાઈ જઈને નગર જોઈ આવો. **તમારાં સુંદર મુખ દેખાડીને નગરવાસીઓનાં નેત્રોને સફળ કરો.**

**देखन नगर भूपसुत आये**
**समाचार पुरबासिन्ह पाए**

જ્યારે નગરવાસીઓને સમાચાર મળ્યા કે બંને રાજકુમારો નગર જોવાને માટે આવ્યા છે ત્યારે સર્વેજનો ઘરબાર અને સર્વ કામકાજ છોડીને એવા દોડ્યા કે જાણે દરીદ્ર ધનનો ખજાનો લૂંટવા દોડ્યા હોય! **જુવાન સ્ત્રીઓ ઝરૂખામાં ઊભી રહી પ્રેમસહિત શ્રી રામચંદ્રજીના રૂપને જોઈ રહી છે.**

**कहहु सखी अस को तनु धारी**
**जो न मोह यह रूप निहारी**

હે સખી! કહો, એવો કોણ દેહધારી હશે જે આ રૂપને જોઈને મોહિત ન થઈ જાય... બીજી સખી પ્રેમસહિત કોમળ વાણીમાં બોલી - આ બંને રાજકુમારો મહારાજ દશરથજીના પુત્રો છે. **તેઓ મુનિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરનારા છે. તેમણે યુદ્ધ મેદાનમાં રાક્ષસોને માર્યા છે.**

**देखि राम छबि कोउ एक कहई**
**जोगु जानकिहि यह बहु अरई**

શ્રી રામચંદ્રજીની કાંતિ જોઈને બીજી સખી કહેવા લાગી - આ વર જાનકીને યોગ્ય છે. હે સખી! ક્યાંક રાજા એમને જોઈ લે તો પ્રતિજ્ઞા છોડીને હઠપૂર્વક એમની સાથે જ વિવાહ કરાવી દેશે. ત્રીજી સખી બોલી - જેણે મોટું ભારે પાપ કર્યું હતું, **તે જેમનાં ચરણકમળોની રજનો સ્પર્શ પામીને અહલ્યા થઈ, તેઓ શું શિવજીના ધનુષ્યને તોડ્યા વિના રહેશે?**

**વધુ આવતા અંકે...**

**શ્રી રામજી-સીતાજીનું બાગમાં મિલન.** ■

# રંગ વચનામૃત:

## (૧૧૮) સર્વાંગીણ વિકાસનો પાયો

**- જગત સુહૃદ ભગવાન શ્રીરંગ અવધૂતજી**



આપણા નિત્યવંદ્ય ક્રાંતિદર્શી ઋષિમુનિઓએ વ્યક્તિ એવં સમાજના સર્વાંગીણ વિકાસ કે ઉન્નતિ માટે આર્ષદષ્ટિથી ખૂબ વિચારપૂર્વક - પ્રવૃત્તિપ્રેરક ચાર પુરુષાર્થોની યોજના કરી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

દરેક પ્રવૃત્તિનું મૂળ કે પાયો ધર્મ કે નીતિ અર્થાત્ માનવતા હોવો જોઈએ. અહીં ધર્મ એટલે કોઈ પણ સંકુચિત પંથ કે સંપ્રદાય અદા કરતા શીખવે તે, સમાજને ધારણ કરી રાખે, છિન્ન-ભિન્ન થતાં અટકાવે તે, પતનથી અટકાવી ઉન્નતિ તરફ જતાં શીખવે, સ્વને બાજુએ મૂકી સર્વ તરફ દષ્ટિ જગાડે તે. આવી વિશાળ જાગ્રત ભાવના વગર કરેલી ફાવે તેવી સહૃદય પ્રવૃત્તિ પણ વિનાશકારી જ નીવડે. **ધર્મ એ સમાજના વિકાસમંદિરનો પાયો ને મોક્ષ એ એનું છાપરું હોવું જોઈએ.**

***ધર્મે અર્થાર્જન કરે, અર્થે ધર્મ સુજાણ,***
***બંનેના અવિરોધથી, વિષય ભોગવે માન.***
(શ્રી ગુ. લી. અ. ૩૨, દોહરો - ૪૫)

***કામ સર્વથા ત્યાગવો, બને એમ ના જાણ,***
***મોક્ષકામ વરવો સદા, કેવળ સૌખ્યનિધાન.***
(શ્રી ગુ. લી. અ. ૩૩, દોહરો-૧૨)

*હિન્દુ મુસલમીન પારસી ખ્રિસ્તી કહો તો હમ હી હૈ,*
*ના નાત હૈ ના જાત હૈ, ના બાત હૈ, વહા હમ હીં હૈં...*
***ના દોસ્ત દુશ્મન કોઈ હમારા, હમ સદા નિઃસંગી હૈ,***
***સચ્ચિદાનંદ હમ હિ પ્યારે, બ્રહ્મ કેવલ હમ હી હૈ.***
(અવધૂતી આનંદ, ભજન નં. ૧૨૭, પાન નં. ૧૧૫)



મહેન્દ્ર પટેલ
લેખક-સંપાદક લિંકન ફાર્માસિસ્ટના માલિક છે.

# ધર્મ સંસ્કૃતિનાં મૂળ





હિન્દુવાદી નેતા સુબ્રમણ્યમ્ સ્વામી જણાવે છે, 'હિન્દુ માયથોલોજી નામની કોઈ વાત જ નથી. હિન્દુ ધર્મના ઇતિહાસની ઘટનાઓ ખરેખર વાસ્તવિક બનેલ છે. આજથી ૫૦૦૦ કે તેનાથી અગાઉનાં વર્ષોમાં બનેલી સત્ય ઘટનાઓ છે.' ઘણા વિચારકો જે ક્રાંતિકારી, દાર્શનિક કે નાસ્તિકતાનો મત ધરાવનાર આવી ઘટનાઓને કાલ્પનિક કે શંકાસ્પદ ગણાવે છે. પરિણામે પ્રશ્નો મૂકી દે છે. વિચારકો, ક્રાંતિકારીઓ અને નાસ્તિકોના મતે વર્ષો પહેલાં રામ હતા? કૃષ્ણ હતા? મહાભારત કે રમાયણની ઘટનાઓ બની હતી? વગેરે વગેરે ચર્ચાસ્પદ છે. પરંતુ વાસ્તવમાં દૃષ્ટિ કરીએ તો જે તે સમયે થયેલી ઘટનાઓમાં ઐતિહાસિક પુરાવાઓ નજર સામે આવે છે અને આંતરરાષ્ટ્રીય આર્કિયોલોજી વિભાગ દ્વારા સંશોધનકાર્ય પ્રવર્તમાન છે. જેમાં- રામેશ્વરથી લંકા જવા માટે વાનરસેના દ્વારા બનાવેલ રામસેતુ, ભગવાન શ્રીકૃષ્ણ રચિત દ્વારિકાનગરી સમુદ્રમાં સમાઈ ગઈ તેના પુરાવારૂપે અવશેષો સાંપડ્યા છે અને આજે પણ દરિયા નીચે તેના અવશેષો જોવા મળે છે. **અર્થાત્ હિન્દુ ધર્મનો ઇતિહાસ સત્ય જ છે, જેને શ્રદ્ધાપૂર્વક માનવો જ રહ્યો.**

આધ્યાત્મિક રીતે પૌરાણિક શાસ્ત્રોના ઇતિહાસ તરફ દૃષ્ટિપાત કરીએ તો શ્રીકૃષ્ણ ભગવાન મથુરાથી દ્વારિકામાં વસવાટ માટે

**રામેશ્વરથી લંકા જવા માટે વાનરસેના દ્વારા બનાવેલ રામસેતુ, ભગવાન શ્રીકૃષ્ણ રચિત દ્વારિકાનગરી સમુદ્રમાં સમાઈ ગઈ તેના પુરાવારૂપે અવશેષો સાંપડ્યા છે**

આવ્યા. ત્યારે ત્યાં પૂરતી જમીન ઉપલબ્ધ હોતી થઈ. ત્યારે તે અદ્ભુત સ્થળને જોતાં દરિયાદેવ (સમુદ્ર)ને તેઓશ્રીએ પ્રાર્થના કરી જમીનની માગણી કરી. કહેવાય છે કે પ્રભુના પ્રાર્થના-વિનંતી સાંભળીને **સમુદ્ર ભાવવિભોર થઈને - માગણીનો સ્વીકાર કરીને ખસી ગયો. પરિણામે દરિયાનો વિશાળ પટ જમીન સ્વરૂપે શ્રીકૃષ્ણને પ્રાપ્ત થયો.**

એક નવા જ દૃષ્ટિકોણથી જોઈએ તો પ્રભુએ આ જમીન-જગ્યા દરિયાદેવ પાસેથી લીઝ રૂપે - ભાડાપટ્ટે લીધી કહેવાય. પછી શ્રીકૃષ્ણએ ભવ્યાતિભવ્ય દ્વારિકાનગરી ઊભી કરી. સમગ્ર ભારતવર્ષમાં દ્વારિકાનગરી બેનમૂન પાવનકારી નગરી તરીકે ઓળખાઈ. શ્રીકૃષ્ણને સંકેત થતાં તેમના જીવનનો અંત સમય નજીક આવતાં લાગ્યું કે હવે સમય પૂરો થઈ રહ્યો છે ત્યારે પુનઃ દરિયાદેવની આરાધના કરી. સવિનય આભાર સાથે લીધેલી જમીન પરત કરી દીધી. પરિણામે સુવર્ણમય દ્વારિકાનગરી સમુદ્રમાં સમાઈ ગઈ. જેના અવશેષો સંશોધનકારોને સાંપડી રહ્યા છે. આવી રીતે **પ્રભુ શ્રીરામે દરિયાદેવને વિનંતી કરી શ્રીલંકાના માર્ગે વાનરસેનાના સહયોગથી પથ્થરો દ્વારા રામસેતુ પુલ બનાવ્યો.**

વર્તમાન સમયે વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવતર શોધો વિકસી રહી છે ત્યારે વિશ્વનાં અનેક સ્થાનોમાંથી દુબઈ ખાતેનો પામ આઈલેન્ડ - મેન મેઈડ આઈલેન્ડ છે. જેના સંદર્ભમાં દરિયામાં પૂરણી પૂરીને જમીનના સ્થળ તરીકે વિકસાવેલ છે. પરિણામે સમથળ જમીન બની જતાં તેના ઉપર મકાનો, બાગ-બગીચા, હૉટેલ અને અદ્યતન રચનાઓ આકાર પામી છે. **વર્તમાન સમયમાં આધુનિક ટેક્નોલોજીથી આ શક્ય બન્યું છે. તો હજારો વર્ષ પૂર્વે આ ટેક્નોલોજી ભારતમાં હતી એવું પુરવાર થાય છે.**

શ્રદ્ધા અને અંધશ્રદ્ધા સાવ ભિન્ન બાબત છે. હિન્દુ સંસ્કૃતિ અત્યંત પ્રાચીન છે, પરંતુ હિન્દુ ધર્મમાં શાસ્ત્રોક્ત વણાયેલી બાબતોમાં **આજના સાયન્સ-વિજ્ઞાન સાથે કેટલીક બાબતોનો તાલમેલ ઘનિષ્ઠતા ધરાવે છે, જેમાં સાયન્ટિફિક દૃષ્ટિકોણ નજરે ચઢે છે.**

**રામસેતુ - દરિયામાં પુલ, પુષ્પક વિમાન, વંદનીય ગણેશજીના મુખના સ્થાને હાથીના મુખની અલૌકિક સર્જરી વગેરે આપણા મનને વિચારતા કરી દે છે.** ■

# ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. મહેસાણા

હેડ ઓફિસ : કોર્પોરેટ બિલ્ડીંગ, હાઇવે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨- ૨૫૭૨૩૩,૨૫૭૨૩૪ (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
Website : www.mucbank.com, Email : info@mucbank.com

## સને ૨૦૨૧-૨૨ ના આકર્ષક પરિણામો

**બેન્કના માનવંતા સભાસદો, ગ્રાહકો, ડીપોઝીટર્સના અતુટ વિશ્વાસ અને સહકારથી આપણી બેન્કની પ્રગતિમાં આગેકુચ બદલ... અભિનંદન**

**જ્વલંત સિધ્ધિ ચોખ્ખો નફો રૂા.૧૧૦/- કરોડને પાર...**

રકમ રૂા. કરોડમાં

| વિગત | તા. ૩૧/૦૩/૨૦૨૧ (ઓડીટેડ) | તા. ૩૧/૦૩/૨૦૨૨ (અન ઓડીટેડ) | વર્ષ દરમ્યાન વધારો રકમમાં | વધારો ટકાવારીમાં |
|---|---|---|---|---|
| કુલ ડીપોઝીટ | ૬૬૧૪.૫૫ | ૭૨૩૧.૬૮ | ૬૧૭.૧૩ | ૯.33% |
| ધિરાણ | ૪૬૦૬.૯૯ | ૫૧૪૨.૦૦ | ૫૩૫.૦૧ | ૧૧.૬૧% |
| ગ્રોસ નફો | ૨૦૭.૭૪ | ૨૪૩.૬૮ | ૩૫.૯૪ | ૧૭.30% |
| નેટ પ્રોફીટ | ૮૬.૭૮ | ૧૧૦.૨૫ | ૨૩.૪૭ | ૨૭.૦૫% |
| રોકડ તેમજ અન્ય બેન્કમાં બેલેન્સ તેમજ RBI બેલેન્સ | ૪૪૩.૨૪ | ૫૭૪.૫૮ | ૧૩૧.૩૪ | ૨૯.૬3% |
| ગર્વમેન્ટ સિક્યોરીટી તેમજ અન્ય રોકાણો | ૨૪૫૧.૧૩ | ૨૫૯૦.૮૭ | ૧૩૯.૭૪ | ૫.૭૦% |
| શેર મુડી | ૩૧૦.૪૮ | ૩૪૧.૬૭ | ૩૧.૧૯ | ૧૦.૦૪% |
| રીઝર્વ તેમજ અન્ય ભંડોળ | ૫૫૧.૯૬ | ૭૨૧.૦૦ | ૧૬૯.૦૪ | 30.૬3% |
| ઇન્કમટેક્ષ જોગવાઇ | ૩૮.૪૦ | ૪૬.૫૦ | ૮.૧૦ | ૨૧.૦૯% |
| શાખાઓ | ૫૮ | ૫૮ | - | - |

- આપની થાપણો ડી.આઇ.સી.જી.સી. દ્વારા રૂા.૫/- લાખ સુધી સુરક્ષિત છે.
- બેન્ક દ્વારા તેના સભાસદો તેમજ સેવિંગ્સ/કરંટ ખાતેદારોને અકસ્માત વિમો રૂા.૫/- લાખ સુધીનો લીધેલ છે કોઇપણ જાતના પ્રિમીયમ લીધા સિવાય.
- જે ખાતેદારો, સભાસદોના KYC બાકી હોય તે જે તે શાખામાં અપડેટ કરાવવા વિનંતી.
- લોકર્સ ધરાવનાર વ્યક્તિએ, વર્ષમાં એક વખત લોકર ઓપરેટ કરવું જરૂરી છે.
- ડીપોઝીટ લોકર્સ ખાતેદારના વારસદારની નિમણુંક બાકી હોય તે કરાવી જવા વિનંતી.

**બેન્કનું નેટ NPA "0" (Zero)**

**શ્રી જી. કે. પટેલ**
ચેરમેન

**શ્રી કે. કે. પટેલ**
વાઇસ ચેરમેન

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

**બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ**


શ્રી ચંદુભાઇ આઇ. પટેલ (સ્થાપક ચેરમેન)
શ્રી કાનજીભાઈ એસ. પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ. પટેલ
શ્રીમતી કોકીલાબેન એન. પટેલ
શ્રી ખોડાભાઈ એન. પટેલ (સ્થાપક મેને.ડીરેક્ટર)
શ્રી નરોત્તમભાઇ એસ.પટેલ
શ્રી કીરીટકુમાર બી. પટેલ
શ્રીમતી દીપીકાબેન આર. પટેલ
શ્રી ડૉ. અનિલભાઇ ડી. પટેલ
શ્રી બાબુભાઇ એ. પટેલ
શ્રી ઘનશ્યામભાઇ કે. પટેલ
શ્રી સોમાભાઇ બી. પટેલ (પ્રો.ડીરેક્ટર)
શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર)
શ્રી જીતેન્દ્રભાઇ પી.પટેલ
શ્રી અમૃતલાલ જી.પટેલ
શ્રી લક્ષ્મણભાઇ એસ. વણકર
શ્રી અલ્કેશભાઇ બી. પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**




**મહેશ પટેલ**
લેખક શૈક્ષણિક પ્રવચન, ચર્ચા અને સ્પર્ધાના આયોજક છે.



# શિક્ષણની અસરો

**શિક્ષણ માણસને પરિવર્તિત કરે છે, ગતિ આપે છે, જીવન આપે છે, ભણેલી વ્યક્તિ જીવિત છે, તે જિંદગીને જીવે છે... અશિક્ષિત વ્યક્તિ શરીરથી તો પરિવર્તિત થાય છે, તેના શરીરમાં તો ગતિ છે, જીવ છે, પણ તેનાં મન, મગજ સ્થિર છે**



શિક્ષણ મેળવીને માણસ પોતે વિચારતો થાય છે અને બીજાના વિચારોને સમજતો થાય છે. પણ પછી શું? આની શું અસર થાય છે? શું પરિણામ આવે છે?

**વિચારવાનું પરિણામ આવે છે પરિવર્તન:** પરિવર્તનનો અર્થ છે કાંઈક નવું કરવું અને જૂનાને છોડવું. જૂનાને છોડીને નવું કરવા માટે નવું વિચારવું આવશ્યક છે અને નવું વિચારવાથી પરિવર્તન આવે તે પણ સ્વાભાવિક છે. **નવું વિચાર્યા વગર પરિવર્તન આવી શકે નહીં અને નવું વિચારવાથી પરિવર્તન આવ્યા વગર રહી શકે નહીં.**

અહીં 'શિક્ષણનું પરિણામ પરિવર્તન છે' એવું લખ્યું છે. 'શિક્ષણનો ફાયદો એ છે કે વિકાસ થાય છે' એવું નથી લખ્યું. **'ફાયદા'ને બદલે 'પરિણામ' અને 'વિકાસ'ને બદલે 'પરિવર્તન' શબ્દનો ઉપયોગ કર્યો છે.**

પરિવર્તન સત્ય છે, તથ્ય છે, ઘટના છે, પરિણામ છે. પણ કોઈ તથ્ય, ઘટના, પરિણામને વિકાસ કહેવો કે પતન કહેવું તે કહેનારના દૃષ્ટિકોણ પર આધાર રાખે છે. કોઈને તે પરિવર્તન વિકાસ લાગે તો કોઈને તે જ પરિવર્તન પતન લાગે, પણ જે કંઈક વિચારી કરીને પરિવર્તન લાવે છે તેના દૃષ્ટિકોણથી તો તે સમયે તે વિકાસ જ હોય છે. પણ ભવિષ્યમાં કોઈ સ્ટેજે તેને પોતાને પણ પોતાની દિશા ખોટી, પતન તરફ લઈ જતી લાગી શકે છે અને તે સમયે જરૂર પ્રમાણે દિશાને બદલવી જોઈએ. **જો પાછા વાળવાની જરૂર લાગે તો પાછા વળવાની પણ તૈયારી રાખવી પડે.**

જો ભૂતકળમાં થયેલ ભૂલોને આજે વર્તમાનમાં સુધારવાની હિંમત અને સમજ આપવામાં આવે છે તો ભવિષ્યમાં જ્યારે આજનો વર્તમાન ભૂતકાળ બની ગયો હશે ત્યારે **આજે કરેલી ભૂલો સુધારવાની ક્ષમતા પણ આપણામાં ચોક્કસ હશે અને તે ક્ષમતા આજે છે તેના કરતાં વધારે હશે.**

બીજાના નિર્ણયને ખોટો કહેવો સરળ છે, પણ જ્યારે પોતાના જ નિર્ણયને ખોટો કહેવાનો સમય આવે ત્યારે શિક્ષિત માણસની સાચી પરીક્ષા થાય છે. જે દિશામાં આપણે વર્ષો ચાલ્યા હોઈએ, કદાચ અન્યોને પણ ચાલવા કહ્યું હોય તે દશાને ખોટી કહી પાછા વળવામાં આપણો અહમ્ નડે તો પણ અહીં **અહમ્ અને સમજ વચ્ચેના યુદ્ધમાં જો આપણી સમજ જીતે તો આપણે ખરા અર્થમાં શિક્ષિત કહેવાઈએ.**

પણ એટલું ચોક્કસ છે કે તળાવનાં બંધ પાણી કરતાં નદીનું વહેતું પાણી હંમેશાં સ્વચ્છ રહે છે. ભલે નદી સાગરને મળે કે ન મળે, પણ તે વહે છે માટે સ્વચ્છ છે. **જે માણસ, સમાજ, સંસ્કૃતિ સ્થિર રહેવાનો, પરિવર્તિત નહીં થવાનો પ્રયત્ન કરે છે તે ગંદકી જ પેદા કરે છે.**

ગતિ જ જીવનનું મૂળ તત્ત્વ છે. ગતિ છે તો જીવન છે તેમ કહેવું પણ અધૂરું છે. ગતિ જ જીવન છે અને જીવન ગતિ છે તેમ કહેવું વધારે યોગ્ય ગણાશે અને સ્થિરતા જડતા છે. જેનામાં ગતિ નથી, જે પરિવર્તિત થતું નથી તેને આપણે જડ કહીએ છીએ. જીવિત નથી કહેતા. પરિવર્તિત થવાની ઈચ્છા જીવવાની ઈચ્છા છે અને **પરિવર્તિત નહીં થવાની - સ્થિર રહેવાની ઈચ્છા - મૃત રહેવાની, જડ રહેવાની ઈચ્છા છે.**

શિક્ષણ માણસને પરિવર્તિત કરે છે. ગતિ આપે છે, જીવન આપે છે. ભણેલી વ્યક્તિ જીવિત છે, તે જિંદગીને જીવે છે. અશિક્ષિત વ્યક્તિ શરીરથી તો પરિવર્તિત થાય છે. તેના શરીરમાં તો ગતિ છે, જીવ છે, પણ તેનાં મન, મગજ સ્થિર છે. તેના વિચારોમાં કોઈ નવીનતા નથી, કોઈ ગતિ નથી. **જે માત્ર શરીરથી જ જીવે છે, મનથી મૃત છે તે જિંદગી જીવે છે તેમ ન કહેવાય,** પણ તે માત્ર જિંદગી પૂરી કરે છે. તેને જિંદગી જીવવી પડે છે.

**શિક્ષણ માણસને જિંદગી જીવતાં શીખવે છે તેમ કહેવું અધૂરું છે, પણ એમ કહેવું જોઈએ કે શિક્ષણ માણસને જિંદગી જીવતો કરે છે.** ■

મમતા મહેતા
લેખક 'દિવ્ય ભાસ્કર'નાં કોલમિસ્ટ છે

# બાળક માટે અણમોલ છે માતાપિતાનો સમય...



બાળકો સિવાય માતાપિતા માટે દુનિયાનું બીજું કોઈ મહત્ત્વ નથી. દરેક માતાપિતાની ઈચ્છા હોય છે કે તેઓ બાળકોને દરેક સુખ-સુવિધા આપી શકે, પરંતુ ક્યારેક બાળકને આ બધું આપવામાં તેઓ તેમના બાળકને પૂરતો સમય નથી આપી શકતાં. જેના કારણે બંને વચ્ચે જે આત્મીયતા બંધાવી જોઈએ તે નથી બંધાતી. આનું કારણ પણ અનોખું છે. હકીકતમાં બાળકોને ફેન્સી રમકડાં અથવા તો માતાપિતા સાથે ગાળેલી ક્ષણો એમ બેમાંથી એક વિકલ્પ પસંદ કરવાનું કહેવામાં આવે તો બાળકો ચોક્કસપણે માતાપિતા સાથે જ સમય ગાળવાનું પસંદ કરતાં હોય છે. **જોકે થોડું યોગ્ય પ્લાનિંગ કરવામાં આવે તો વર્કિંગ પેરેન્ટ્સ પણ બાળકો સાથે ક્વૉલિટી ટાઈમ પસાર કરી શકે છે.**

બાળક સાથે સમય પસાર કરવા માટે તમારું શિડ્યુલ એ રીતે સેટ કરો કે આખા દિવસમાં કોઈ પણ સમયે તમે આખા પરિવાર સાથે બેસીને જમી શકો. ભલે તે પછી લંચ હોય કે ડિનર. એકસાથે ડાઈનિંગ ટેબલ પર આખા દિવસના કરેલા કામની ચર્ચા કે

> **ડાઇનિંગ ટેબલ પર આખા દિવસના કરેલાં કામની ચર્ચા કે ભણવાની વાત કરવાને બદલે એવા વિષય પર વાત કરો કે જેમાં બાળક આનંદ માણી શકે અને બાળક એ વાતમાં રસ લઈ શકે**

ભણવાની વાત કરવાને બદલે એવા વિષય પર વાત કરો કે જેમાં બાળક આનંદ માણી શકે અને એ વાતમાં રસ લઈ શકે. **ડાઈનિંગ ટેબલ પર તમે ઈચ્છો તો બાળક સાથે તમારું બોન્ડિંગ બનાવી શકો છો.**

તમે જ્યારે તમારા બાળક સાથે સમય પસાર કરી રહ્યા હો ત્યારે સ્ક્રીન ટાઈમ ગાળવાથી દૂર જ રહો. જ્યારે તમે બાળક સાથે સમય પસાર કરી રહ્યા હો ત્યારે મોબાઈલ ફોનને તમારાથી દૂર રાખો એ જ હિતાવહ છે. જો તમે બાળકો સાથે રહેવા છતાં સતત ફોનમાં વ્યસ્ત રહેશો તો એની સાથે ક્વૉલિટી ટાઈમ પસાર નહીં કરી શકો. ધ્યાન રાખો કે આ વાતચીત વખતે તમે ભૂલથી પણ ફોનનો વપરાશ ન કરો. **બાળકોને એ નથી ગમતું કે તેમના પેરેન્ટ્સ તેમની સાથે વાતચીત કરતી વખતે ફોન પર વ્યસ્ત રહે.**

આખા અઠવાડિયામાં માતાપિતાને ભલે સમય ન હોય, પણ વીકએન્ડ એટલે કે શનિ-રવિનો દિવસ એવો હોય છે કે માતાપિતા સાથે બાળકોને પણ રજા હોય છે. આ દિવસો દરમિયાન તમે બાળક સાથે સારો સમય પસાર કરી શકો છો. તમે બાળક સાથે કૂકિંગ કરી શકો, ગેમ રમી શકો અથવા તો તેમને બહાર ફરવા લઈ જઈ શકો. **આ રીતે સમય પસાર કરવાથી તમે પોતે તો ફ્રેશ થશો જ, પણ સાથે બાળકને પણ તમારા સંબંધની સાચી અનુભૂતિ કરાવશો.**


ઘણી વાર માતાપિતા ઑફિસથી આવ્યાં પછી ન્યૂઝ કે મનોરંજનમાં વ્યસ્ત થઈ જાય છે. આ સ્થિતિમાં ઑફિસ પછી વધારેમાં વધારે સમય બાળકને આપવો જોઈએ. તમારા સમય પર બાળકનો સૌથી પહેલા હક છે. તેઓ આખો દિવસ આ સમયની રાહ જોતા હોય છે. **આ રીતે તમે બાળકને બાળપણની યાદગાર ક્ષણો આપી શકો છો અને ક્વૉલિટી ટાઈમ પણ પસાર કરી શકો છો.** ■

## શિક્ષણ સૃષ્ટિ


અંબાલાલ આર. પટેલ,
લેખક જાણીતા કોલમિસ્ટ છે


# કેવી શિક્ષણ સંસ્થાઓ પ્રભુને ગમે?





**લોકોને જીવનનું શિક્ષણ આજની શિક્ષણ સંસ્થામાંથી મળતું નથી, ફક્ત જીવિકાનું શિક્ષણ મળે છે: સરસ્વતીનાં ધામોમાં વિદ્યાનું ખૂન થયું છે, ફક્ત રોટલો આપે તે વિદ્યા ન કહેવાય, કલા કહેવાય.**

*ભાવ વધારે ગુણોને ખીલવે, પ્રભુ સંબંધ સમજાવે ।*
*ચૌદ વિદ્યા ને ચોસઠ કલા, સ્ત્રીપુરુષને જુદા ભણાવે ॥*

આજે ઘણાં બધાં વિદ્યાધામો, શિક્ષણ સંસ્થાઓ પૂરજોશમાં ઘણી સારી સગવડો, સાધનો, પુસ્તકો સહિત વધ્યાં છે. શિક્ષણ ઘણા મોંઘા ભાવે આપણે આપતા રહ્યા છીએ. આજે ડિગ્રીઓ લેવી અને ડિગ્રીના માધ્યમથી પૈસા કમાવા - તે માટેની કલા પ્રાપ્ત કરવા બુદ્ધિ તૈયાર કરવી તેટલો જ શિક્ષણનો હેતુ થયો છે. આને કલા કહેવાય, વિદ્યા ના કહેવાય. **કલા માત્ર જીવિકાનું શિક્ષણ ન આપે. જીવંત જીવનનું શિક્ષણ આપે તેને વિદ્યા કહેવાય.**

આપણા ઋષિ તપોવનમાં ચૌદ વિદ્યા અને ચોસઠ કલાનું જ્ઞાન આપતા, જેના કારણે માનવનો સર્વાંગીણ વિકાસ થતો. આજનું શિક્ષણ લીધેલા ડિગ્રીધારી મોટા ભાગના એમ.એ., પીએચ.ડી. થયેલા પણ જીવનના બારામાં નાપાસ થયેલા જણાય છે. તેમને માતાપિતા સાથે કેમ રહેવું, પત્ની સાથે કેમ રહેવું, ભાઈઓએ કુટુંબ સાથે કેમ રહેવું તે સમજી શકતા નથી. ડિગ્રીઓથી ભૌતિક વૈભવ મેળવી શક્યા છે. સારું છે, વૈભવ મેળવવો ખોટો નથી, પણ જીવંત જીવનની વિદ્યા ન મળવાથી હૃદય વિશાળ ન થયું. જેના કારણે ભાવ સુકાઈ ગયો છે. બુદ્ધિ વધી છે, પણ હૃદય સુકાઈ ગયું છે. **મારું જીવન કોઈના માટે ન રહેતાં મારું જીવન મારા માટે જ. આવી વૃત્તિ સંકુચિત બની ગઈ છે, જેના કારણે કુટુંબ તૂટી રહ્યાં છે. જેનું દર્શન છે આજનાં ઘરડાંઘરો.**

આ ઘરડાંઘરોમાં તપાસ કરો, ત્યાં રહેનાર ઘરડાં મા-બાપો ભણેલા, ઉજળિયાત, કુળવાન, સભ્ય ગણાતા સુખી સમાજના જ છે. ખાસ કરીને વાણિયા, બ્રાહ્મણ, પટેલ કોમના જ છે. વાઘરી, ઠાકોર, હરિજન, રબારી વગેરે ઓછું ભણેલી કોમનાં મા-બાપો નથી. આથી નક્કી થાય છે કે ભણેલા લોકોને જીવનનું શિક્ષણ આજની શિક્ષણ સંસ્થામાંથી મળતું નથી. ફક્ત જીવિકાનું શિક્ષણ મળે છે. **સરસ્વતીનાં ધામોમાં વિદ્યાનું ખૂન થયું છે. ફક્ત રોટલો આપે તે વિદ્યા ન કહેવાય, કલા કહેવાય.**

વિદ્યા તેને કહેવાય, જે માણસને પાવન કરે, સમાધાની કરે, વિશ્વાસુ બનાવે, ભાવવાન બનાવે, ઈન્દ્રિય સ્વાધીનતા શીખવે, ઈન્દ્રિયો મારા માટે છે - **હું ઈન્દ્રિયોનો માલિક છું, હું પ્રભુપુત્ર છું તેનું ગૌરવ ઊભું કરે તેને વિદ્યા કહેવાય.**

શિક્ષણવેરામાં અબજો રૂપિયા લઈ તે પૈસાથી માનવતા ઊભી થાય તેવી રીતનું તપોવન પદ્ધતિનું શિક્ષણ ન અપાતું હોય તો જાણે-અજાણે ચાલકો-સંચાલકો અને સરકાર પાપના માર્ગે છે. 'શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા ત્યાં વહે'ના બદલે અત્યારે એવું લાગે છે કે 'શાળા અમારી ભ્રષ્ટભૂમિ, દુર્ગુણો જોવા ત્યાં મળે.' આ બધું દુઃખદ છે. શિક્ષણનો ઢાંચો બદલવો છે. બધા બૂમો પાડીએ છીએ. બધાની આ મૂંગી વેદના છે. તેને દૂર કરવા શિક્ષણમાં એક પેપર અધ્યાત્મનું - તત્ત્વજ્ઞાનનું ફરજિયાત કરો. તેને ૧૦૦ માર્કનું રાખો. છોકરા-છોકરીને અલગ શિક્ષણ તપોવન પદ્ધતિથી અપાય, પુરુષને પૌરુષી ગુણો ખીલે અને તેના ધંધાને લગતું, સ્ત્રીને સ્ત્રીત્વના ગુણો ખીલે અને તેને લગતા ધંધાનું શિક્ષણ અપાય તો પુરુષ સ્ત્રૈણ ન બને સ્ત્રી પુવત ન બને. એ બંનેનું દાંપત્યજીવન બગીચાની જેમ મહેંકી ઊઠે. સંસાર ભર્યો ભર્યો લાગે. પતિ-પત્ની લક્ષ્મી અને નારાયણ બની ઘરને સ્વર્ગ બનાવી શકે. **સરસ્વતીનાં ધામોમાંથી આવા દીકરા-દીકરાઓ દૈવી શિક્ષણ લઈ સદ્‌ગુણો ખીલવી બહાર પડશે તો તેવી શિક્ષણ સંસ્થાઓ પ્રભુને જરૂર ગમશે.** ■

ડૉ. સ્વાતિ નાયક
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# બાળકો મા-બાપનું અપમાન કરે તો ઠપકો આપવો જરૂરી છે

વૃંદાને સવારથી રડવું આવતું હતું. રિવા અને રિની બંનેએ સવાર સવારમાં એનું અપમાન કર્યું હતું. એક નાનકડી વાત... વૃંદા રસોડામાં હતી અને રિવાએ રિનીને વાળ બાંધી આપ્યા. જરા સ્ટાઇલમાં ઓળ્યા એટલે **વૃંદાએ કહ્યું, 'બેટા, સ્કૂલમાં આવી હેરસ્ટાઇલ સારી નહીં લાગે...'**

'આ મમ્મી સાવ દેશી છે. એને સમજ તો પડતી નથી અને બધામાં કોમેન્ટ કરવા જોઈએ.' એવું રિવા બોલી. એની વાતમાં રિનીએ ટાપસી પુરાવી એટલું જ નહીં, **'મમ્મી, તું ચૂપ રહે ને, તું નાસ્તો બનાવવામાં ધ્યાન આપ. તારું કામ કર.' એવું ફટાક દઈને કહી દીધું.**

બસ, એ બંને તો મમ્મીનું અપમાન કરીને સ્કૂલે જતાં રહ્યા પણ વૃંદાને સતત રડવું આવી રહ્યું હતું. એના ઉછેરમાં ક્યાં ખામી રહી ગઈ? એ વાતનું દુઃખ થતું હતું. રોજ કેટલા પ્રેમથી બંનેને જગાડે. મોડું થતું હોય તોય સહેજ પણ ચીડ વગર, ગુસ્સા વગર પ્રેમથી તૈયાર કરે એટલું જ નહીં, **નાસ્તાની તૈયારી રાતથી કરી લીધી હોય પણ એ બંને કોઈ નવી ફરમાઈશ કરે તો તરત બનાવી આપે.**

છતાં છેલ્લા થોડા દિવસથી રિવા અને રિની બંને આમ જ વૃંદાનું અપમાન કરી નાખતાં હતાં, 'તું ચૂપ જ રહેજે, તદ્દન બેકાર વાત ન કર, તને આમાં સમજ ન પડે. તું તારું કામ કર...'

ગુસ્સો તો નહોતો જ કરવો, પરંતુ શું કરવું એ સમજાતું નહોતું. એમનું આવું અપમાનજનક વર્તન ચલાવી લેવાય એમ નહોતું. તેણે **વિશાલને આ અંગે વાત કરી જોઈ, પણ એણેય બહુ ગંભીરતાપૂર્વક ન લીધું.**

એ સાંજે સ્કૂલેથી આવી બંનેએ બૂટ-મોજાં રસ્તામાં નાખ્યાં. સોફા પર દફતર નાખીને કપડાં બદલવા જતાં રહ્યાં. વૃંદા બધું સરખું કરતી હતી એવામાં દાદીએ કહ્યું, **'રિવા-રિની બેટા, તમારી વસ્તુઓ સરખી મૂકો. એકદમ અવ્યવસ્થિત થઈ ગયા છો...'**

એટલે તરત રિની બોલી, **'દાદી, અમને કહેવાને બદલે તમે કેમ નથી મૂકી દેતા? બેસી જ રહ્યાં છો સવારથી.'**



> **દર વખતે સમજાવીને જ વાત કરવી જોઈએ, પણ એનો અર્થ એ નથી કે ક્યારેય ઠપકો જ ન આપવો, બાળકોને ખોટા લાડ લડાવવામાં એમનો સાચો ઉછેર જોખમાય એ તો ખોટું છે ને...**

હવે વૃંદાને બહુ ગુસ્સો આવ્યો. તેનાથી દાદીનું અપમાન સહન ન થયું, પરંતુ ક્યારેય મોટેથી બોલી ન હોવાથી તે કંઈ બોલી ન શકી, પરંતુ **રાત્રે વિશાલને જે ઘટના બની એ અંગે વાત કરી અને કહ્યું હવે તમે જ વિચારો, ગુસ્સો આવે કે નહીં?**

વિશાલે કહ્યું, **'દીકરીઓ હવે મોટી થઈ રહી છે, એક વખત ગુસ્સો કરવાનું શરૂ કરીએ તો એની અસર નહીં રહે.'**

'પણ આમ ચાલવા તો ન દેવાય, કશુંક...'

દાદીએ કહ્યું, 'વિશાલ, દર વખતે સમજાવીને જ વાત કરવી જોઈએ, પણ એનો અર્થ એ નથી કે ક્યારેય ઠપકો જ ન આપવો. બાળકોને ખોટા લાડ લડાવવામાં એમનો સાચો ઉછેર જોખમાય એ તો ખોટું છે ને... તેમણે પહેલાં વૃંદાનું અપમાન કરવાનું શરૂ કર્યું. આજે મારી સાથે ખરાબ વાત કરી, કાલે તારી સાથે અને પછી **વડીલો સાથે આવું અપમાનજનક વર્તન કરે એ કેમ ચલાવી લેવાય?'**

'તો કરવું શું?'

'બેટા, કોઈ પણ સંજોગોમાં આવું વર્તન ચલાવી ન લેવાય. તમારે સ્પષ્ટ કહેવું પડે કે **વાત કરવાની આ રીત ખોટી છે અને બંનેએ સાથે રહીને કહેવું પડે.'**

બીજા દિવસે નાસ્તાના સમયે રિવા બોલી, 'મમ્મી, આજે નાસ્તો કેટલો બેકાર બનાવ્યો છે? તું ખા...'

એટલે વિશાલે મક્કમ અવાજે કહ્યું, 'નાસ્તો પૂરો કરીને જ ઊઠ અને કાલથી તારે મમ્મીને કિચનમાં હેલ્પ કરવાની છે.'

'પણ...'

'અને પહેલા તો સે સૉરી, અત્યારે જ મમ્મીને સૉરી કહો અને બીજી વાર સરખું જ બોલવું, ઓ.કે.? બીજી વાર તું અને રિની આવું નહીં બોલો અને વૃંદા, ફરી વાર આવું વર્તન કરે તો સ્કૂલમાં આપણે ટીચરને પૂછવા જવું પડશે. **આપણે ત્યાં તો કોઈ આવું નથી બોલતું, ક્યાંથી શીખી આવે છે? સ્કૂલમાં ટીચરને પૂછીએ એટલે ખબર પડે.'**

માફી માગ્યા પછી લગભગ પંદર મિનિટ સુધી વૃંદા અને વિશાલે ચર્ચા કરી. રિની અને રિવાને લાગ્યું કે વાત ખરેખર ગંભીર છે. વૃંદાએ કહ્યું, 'તમે લોકો લાડથી મસ્તી કરો એ મને બહુ ગમે. તમારી પાસે નવું શીખવાની પણ મને મજા આવે પણ એનો અર્થ એ નથી કે તમે મારા માટે ગમે તેમ બોલો. **આજથી નો ઈન્સલ્ટ, ઓન્લી મસ્તી, ઓ.કે.?'**

ઘણી વખત બાળકોનાં નાનાં નાનાં અપમાન મા-બાપ હળવાશથી લેતાં હોય છે. ખાસ તો મોબાઈલ અને લેપટોપ જેવી વસ્તુ વાપરતા કે લેટેસ્ટ ફૅશનની વાત આવે ત્યારે બહુ સહજતાથી મા-બાપને કહી દેતાં હોય છે કે, **'તમને સમજ ન પડે.'**

અને ત્યાંથી જ ઘણી વાર અપમાનજનક ભાષા વાપરવામાં બાળક પોતાને હોશિયાર સમજતાં થઈ જાય છે. ગુસ્સો ન કરવો એ બરાબર છે, પણ ખોટું કરતાં અટકાવવા જ નહીં એ પણ ખોટું છે. **બાળકને સાચા રસ્તે દોરવા માટે જરૂર જણાય ત્યાં માતાપિતાએ સંતાનોને ઠપકો આપવો પણ જરૂરી છે.** ■

# શિક્ષણ સૃષ્ટિ



**ડૉ. ચંદ્રકાંત મહેતા**
લેખક જાણીતા શિક્ષણવિદ, સાહિત્યકાર, કોલમિસ્ટ
અને પદ્મશ્રી એવોર્ડથી પુરસ્કૃત છે.

# 'ખરાબ ઝડપ' : એક અભિશાપ

**કેવળ ચાલવું પૂરતું નથી, દૂર સુધી જોઈને ચાલવું આવશ્યક છે. આજના માણસને બધું જ ફાસ્ટ જોઈએ છે! ફૂડ પણ ફાસ્ટ અને મોક્ષ પણ ફાસ્ટ! પ્રમોશન પણ ફાસ્ટ અને અર્થપ્રાપ્તિ પણ ફાસ્ટ! બધું જ ત્વરિત!**

ઉતાવળે ચાલતા એક માણસને પોતાના પગ આગળનો જ ખાડો ન દેખાયો અને પડી જતાં ફ્રેક્ચર થયું. ત્યારે ત્યાં ઊભેલા એક માણસે કહ્યું, **'તમને પેલી ડચ કહેવત યાદ છે? - ધીમે ચાલો અને દૂર સુધી જુઓ!'**

વ્યસ્તતાના આ યુગમાં માણસ ધીમી ચાલ અને જીવનનો તાલ ગુમાવી બેઠો છે! દૂર સુધી જોવાની એને ફુરસદ નથી. પરિણામે તેની **સમજણહીન ઉતાવળ અને ટૂંકી દૃષ્ટિ તેના જીવન માટે ખતરારૂપ સાબિત થાય છે!**

શાનદાર ચાલ અને અવલોકન તો સિંહનું! એ ચાલે છે પણ ખરો અને કાપેલા પંથનું અવલોકન પણ કરી લે છે! **ઉતાવળને વરદાનમાં ફેરવવાની સંયમહીન લાલસા અંતે તો વિલંબનો અભિશાપ જ નોતરતી હોય છે.**

એટલે કેવળ ચાલવું પૂરતું નથી, દૂર સુધી જોઈને ચાલવું આવશ્યક છે. આજના માણસને બધું જ ફાસ્ટ જોઈએ છે! ફૂડ પણ ફાસ્ટ અને મોક્ષ પણ ફાસ્ટ! પ્રમોશન પણ ફાસ્ટ અને અર્થપ્રાપ્તિ પણ ફાસ્ટ! બધું જ ત્વરિત! ખરાબ ઝડપ કરતાં વિવેકજન્ય વિલંબ લાખ દરજ્જે સારો, એ વાત માણસને આજે ખપતી નથી. 'ઘાસ' આકસ્મિક રીતે ફૂટી શકે, પણ વૃક્ષ માટે તો પ્રતીક્ષા કરવી જ પડે! વિશાળ વટવૃક્ષ બનવા માટે તો એથી પણ વધુ પ્રતીક્ષા કરવી પડે છે. **આજનો માણસ પ્રતીક્ષા, પરીક્ષા અને તિતિક્ષા (સહનશીલતા) ત્રણેયમાં ઊણો ઊતર્યો છે!**



મેકિયાવેલીની વાત સો ટકા સાચી કે આંખો તો બધાને મળી છે, પણ નજર તો કોઈક વીરલાને જ મળે છે. નજરને અભાવે માણસ આત્મઘાતી, સમાજઘાતી, દેશઘાતી અને વિશ્વઘાતી બની શકે!

મૂર્ખ અને જ્ઞાનીમાં આ જ ભેદ છે. મૂર્ખ એક તરફ જુએ છે, જ્ઞાની ચોતરફ! **જે ચોતરફ જુએ એ પરિસ્થિતિનું ચારેકોરથી મૂલ્યાંકન કરી સમુચિત નિર્ણય લઈ શકે.**

માણસ પ્રતીક્ષા, પરીક્ષા કે તિતિક્ષાની બાબતમાં કેમ વામણો નીવડે છે? એનું મુખ્ય કારણ છે જાતને લાડ લડાવવાની વૃત્તિ અને પ્રવૃત્તિ. માણસ ભલે વિશ્વના પ્રત્યેક માણસ માટે મધુર, મંજુલ અને દયાળુ બને, પોતાની જાત પ્રત્યે તો તેણે કઠોર જ બનવું પડે! જાત પ્રત્યે કઠોર નહીં બનવાની દાનત જ માણસને બીજાની કૃપાનો ભિખારી બનાવી દેતી હોય છે! માણસ તો રાજા બનવા જ સર્જાયેલો છે, સુખોની આળપંપાળ એને રંક બનાવી દે છે! જાતને સુખસુવિધા, **વિલાસ, વૈભવ અને પદ-પ્રતિષ્ઠાની સુંવાળી સેજમાં પોઢાડવાની દાનત માણસને શ્વાસ લેતું પૂતળું બનાવી શકે, પણ માણસ તરીકેની ખુમારી અને ખમીર ક્યાંથી બક્ષી શકે?** ■

SWARNIM
DHARTI




3 BHK MAJESTIC LIVING & RETAIL SPACES

PROJECT BY

GOLDEN
DHARTI
INFRASTRUCTURE

**Site : Swarnim Dharti, Nr. Sardar Dham, Vaisnodevi Circle**
**S.P. Ring Road, Ahmedabad - 382 421**

Booking Contact :
**89800 06032, 89800 06042**


swarnimdharti@gmail.com
www.swarnimdharti.com

RERA REG. No.: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA /MAA08640/170621
www.gujrera.gujarat.gov.in



**રજની પટેલ**
લેખક જાણિતા કવિ અને ઊગતા સાહિત્યકાર છે

# નફરતના કોરડા વીંઝી-વીંઝીને તૂટી ગયેલા એ દિલનું શું કરીશું?



**સવારનું પ્રથમ કિરણ હજુ તો આંગણામાં આવીને એનો પ્રકાશ પાથરે ત્યાં કાં તો સાસુનું મોં કાળું થઈ ગયું હોય અથવા નાની અમથી વાતમાં વહુનું મોઢું મચકોડાઈ ગયું હોય છે**

મારી વહાલી સાસુમા,

રસોડામાં ક્યારેય ઉતાવળે કામ કરવામાં મારાથી વાસણના ખખડવાનો અવાજ આવતો હશે... પણ બા, એ જાણીજોઈને પેદા કરેલો અવાજ નથી. ક્યારેક કામ કરતી વખતે ઉતાવળે મારાથી કાચનો ગ્લાસ તૂટી જાય ત્યારે મારી બાજુમાં મારી માની માફક મારા માથા ઉપર હાથ મૂકીને એકાદ વખત એટલું બોલી જુઓ કે હું નાની હતી અને નવેનવી વહુ બનીને આવેલી ત્યારે મારાથી એક નહીં પણ ત્રણ-ત્રણ ગ્લાસ એક સાથે તૂટી જતા... બા, તારો એ રૂમાલી સ્પર્શવાળો હાથ મારી ભવિષ્યમાં થનારી ભૂલો માટે બમ્પ બનીને ઊભો હશે. ક્યારેક આટલા મોટા પરિવારનું કામ કરતાં કરતાં થાકી પણ જવાય ત્યારે છોકરાંઓને મારાથી ઊંચા અવાજે બોલી પણ જવાયું હશે અથવા ધોલધપાટ પણ થઈ હશે... પણ એનો મતલબ એ નથી કે, મેં જાણીજોઈને છોકરાંઓ સાથે આવો વ્યવહાર કર્યો છે. **બા, તું પણ ઘરના સભ્ય તરીકે ક્યારેક નાનાં બાળકોને સાચવવામાં મદદરૂપ થાય તો કેટલું સારું?**

લાગણી જ્યારે બંધિયાર બની જાય ત્યારે લાગણી પણ બંધ વાસી પાણીની માફક ગંધ મારે છે. લાગણીની લેતી-દેતી થવી જોઈએ. લાગણીનો વિનિમય થવો જોઈએ. બા, સાસુ-વહુનો સંબંધ આટલો બધો વગોવાયેલો છે એ આખા જગતને ખબર છે, પણ ન જાણે કેમ એ વગોવાયેલા સંબંધના સ્વરૂપને બદલાવવાનો પ્રયત્ન નથી કરતું. સાસુ અને વહુએ એક બીજાની લાગણીને અરસપરસ વહેંચવી જોઈએ, પણ ન જાણે કેમ એવું નથી થતું. ઊલટાનું સવારનું પ્રથમ કિરણ હજુ તો આંગણામાં આવીને એનો પ્રકાશ પાથરે ત્યાં કાં તો સાસુનું મોં કાળું થઈ ગયું હોય અથવા નાની અમથી વાતમાં વહુનું મોઢું મચકોડાઈ ગયું હોય છે. આ વાત હું બરોબર જાણું છું બા, એમાંથી હું બાકાત નથી, પણ આજે એ વાતને અલ્પવિરામ નહીં, પણ આપણે ભેગા મળીને એને પૂર્ણવિરામ મૂકવું છે. લાગણીના વિનિમયની શરૂઆત હું મારાથી કરીશ. મારે સમાજની સામે દેખાવ નથી કરવો બા... મારે સવારે ઊઠીને તારા પગની પૂજા નથી કરવી કે સાંજે સૂતી વખતે તારા દરરોજ પગ નથી દબાવવા... પણ સવાર પડે ને લાગણીથી લથબથતો એકાદ કોયલ જેવો ટહુકો ઘરના વાતાવરણને કિલ્લોલમય બનાવી દેશે એની મને ખબર છે. **હું સવારમાં સૂરજના કિરણની સાથે જ એવા લાગણીથી લથબથતા ટહુકાથી તને 'બા' કહીને બોલાવીશ.... તું મને 'બેટા' કહીને મારા શબ્દો ઝીલીશ તો ખરીને !**

બા, ક્યારેક બીજાના કારણે આપણા ઘરમાં ચંપાતો ઝઘડાનો પલીતો આપણા જ કુટુંબને કેટલું નુકસાન પહોંચાડી જાય છે એની તું વહુ હતી ત્યારથી તને ખબર છે. બા સવાર-સવારમાં એકાદ નાનો ઝઘડો કે કંકાસ આપણા કુટુંબના પરિવારના સભ્યો ઉપર કેવી અસર કરે છે એ તો તું જાણે જ છે. સવારમાં તારી અને મારી જીભાજોડી તારા દીકરાને ક્યારેક ચા-નાસ્તો કર્યા વગર જ ઓફિસે રવાના કરવામાં અનેક વાર કારણભૂત બન્યા છે અને એની સીધી અસર ક્યારેક ધંધામાં આવેલી મોટું નુકસાન અને સીધી અસરનું પરિણામ હોય છે. વગર વાંકે બાળકોને પડતો માર અને મારા- તમારા ઝઘડાનું ફળસ્વરૂપ પરિણામ જ હોય છે અને ક્યારેક સવારનો ઝઘડો ધીરે- ધીરે પા-પા પગલી ભરતો-ભરતો છેક અમારા કે તમારા બેડરૂમ સુધી પહોંચે છે અને ત્યાં સુધીમાં તો **સવારે નાનો દેખાતો ઝઘડો સાંજ પડે મોટું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો હોય છે, ત્યાં સુધી એનું મોં પણ કાળું થઈ ચૂક્યું હોય છે. જેની અસર લાઈટ હોવા છતાંય ક્યારેક બેડરૂમમાં અંધારું વરતાય છે.**


બા, કામ કરતાં-કરતાં ઉતાવળમાં તૂટી ગયેલા ગ્લાસ તો બજારમાંથી આપણે નવા ખરીદી શકીશું... પણ મોટે-મોટેથી રાડો પાડીને બૂમાબૂમ કરીને નફરતના કોરડા વીંઝી-વીંઝીને તૂટી ગયેલા એ દિલનું શું કરીશું? એકાદ વખત તૂટી ગયેલું તારું અથવા મારું દિલ બજારમાં ક્યાંય નવું નહીં મળે અથવા એને સાંધવા માટેનું સોલ્યુશન હજુ સુધી શોધાયું નથી એની તો તમને પણ ખબર હશે. **એકાદ વખત બગડી ગયેલી દાળને સુધારી શકાશે, પણ દાળને કારણે બગડી ગયેલા તારા અને મારા સંબંધનું શું? બગડી ગયેલા એ સંબંધને કોણ સુધારશે?**

**લિ. તમારી વ્હાલી દીકરી** ■

**મેઘા જોશી**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# તુઝસે નારાઝ નહીં જિંદગી, હૈરાન હૂં મૈં...






એક મધ્યમવર્ગીય ભારતીય માતા એની દીકરીને તેની ખુદની જીવનકથા કેવી કહે? સરેરાશ ભારતીય સ્ત્રી દીકરીને જ્યારે સ્ત્રીમાં પરિવર્તિત કરે ત્યારે કેવા બોધપાઠ આપે? એક આખી પેઢીની સ્ત્રીની માનસિકતા તેની આગલી પેઢીની તમામ સ્ત્રીની જિંદગી પર ખાસ્સી નિર્ભર હોય છે. સંતાનના ઉછેરમાં માતાપિતા બંનેનો સરખો ભાગ હોય છે, પરંતુ દીકરીની બાબતમાં સમાજ માતા પાસે વધુ અપેક્ષા રાખે છે. ચાહે તે ઘરેલું કામ હોય, રસોઈની બાબત હોય, શારીરિક પરિવર્તનની વાત હોય કે તમામ જગ્યાએ સ્ત્રીની ભૂમિકા અંગેની વાત હોય. **દીકરીને પિતાની લાડકી ગણવામાં આવે છે, પણ તે માતાની પ્રતિકૃતિ ગણાય છે. આથી પરંપરા, સંસાર કે રીતભાતના વહનની જવાબદારી માતા પર વધુ હોય છે.**

**[ સ્ત્રી-પુરુષની અસમાનતા વિશે બોલતી કે લખતી દરેક સ્ત્રીને જબરી કહીને એક નવો હાંસિયો તૈયાર કર્યો છે, સમાજ નામના કાગળ પર ડાબી તરફ નબળી અને શોષિત મહિલાઓ હાંસિયામાં છે અને જમણી બાજુએ જબરી સ્ત્રીઓ છે ]**

દીકરીને વિવાહ બાદ અનુકૂલન અને સહન કરવાની સલાહ આપતી માતાનું ચિત્ર હવે બદલાયું છે. જે મેં જતું કર્યું કે સહન કર્યું એ મારી દીકરી ના જ કરવી જોઈએ એવી માનસિકતા સાથે દીકરીને મોટી કરતી આજની મમ્મી દીકરીને કેવી સલાહ આપશે? આધુનિક જીવનમાં અનેક દેખીતાં પરિવર્તનમાં આ એક બારીક પરિવર્તન શરૂ થયું છે. અલબત્ત ભારતની કુલ વસ્તીના પ્રમાણમાં એક બૃહદ દૃશ્ય જોઈએ તો હજી બહુમતી સમાજમાં દીકરીનાં પ્રત્યેક જીવનપાઠમાં સહનશક્તિનું પલ્લું ભારે હોય છે. તાજેતરમાં જ મધ્યમવર્ગીય પરિવારની ઘરેલુ જિંદગી અને સ્ત્રીની જીવનકથા પર એક રસપ્રદ પુસ્તક આવ્યું છે. નીલંજના ભૌમિક લિખિત પુસ્તક 'લાઇઝ અવર મધર ટોલ્ડ અસ' (આપણી માતાએ કહેલાં અસત્ય) નામના આ પુસ્તકમાં કુલ વીસ પ્રકરણ છે. પિતૃસત્તાક માનસિકતા અને પાવરફુલ પુરુષ સાથેના સંવાદ, આક્રોશ અને સ્ત્રીની પરિસ્થિતિ આ કિતાબમાં વર્ણવી છે. લેખિકાની **માતા સ્વયં પોલીસ હોવા છતાં ઘરમાં કઈ રીતે મજાકનું સાધન બનતી અને પત્રકાર-લેખિકાને ન્યૂઝરૂમમાં સ્ત્રી દ્વેષ કઈ રીતે નડતો એના પ્રત્યક્ષ અનુભવો પુસ્તકનો મુખ્ય આધારસ્તંભ છે.**

તમે કેમ છો? આ સાવ સાદા પ્રશ્નનો સાચો ઉત્તર આમ પણ ભાગ્યે જ મળે છે, પરંતુ સરેરાશ મધ્યમવર્ગીય સ્ત્રીને જ્યારે આ પ્રશ્ન પુછાય છે ત્યારે માત્ર સત્ય ઢંકાતું નથી, પરંતુ જૂઠ બોલવું હોય છે. સપાટી પરની શાંતિ અને સુખની નીચે ધરબાઈ ગયેલ અસમાનતા, અસંતુલન અને અન્યાયની કથા આપણે વાંચીએ નહીં તો પણ સૌને એનો ખ્યાલ છે. જ્યારે કોઈ સ્ત્રી સતત બધું સારું હોવાની વાત કરે ત્યારે એવું ખરેખર હોય છે ખરું? પોતાના રોલમાં ફિટ થવા માટે બંને પરિવારની આબરૂ સાચવવા માટે સ્ત્રી જે કંઈ માનસિક અને સામાજિક સંઘર્ષ ભોગવે છે એનું શું? વાસ્તવિક જીવનનાં કેટલાંક નિરીક્ષણો અને પોતીકા અનુભવોનું એમાં આલેખન છે. એક મધ્યમવર્ગીય ભારતીય સ્ત્રી તેના ઘરમાં, વ્યવસાયના સ્થળે કે સમાજમાં જે સંઘર્ષનો સામનો કરે છે એને આપણે સ્ત્રીની નૈતિક જવાબદારી સાથે જોડી દીધો છે. સ્ત્રીની આગવી ઓળખ અને કંઈક અંશે સ્વતંત્રતા ઝૂંટવી લેતા પરિવાર આદર્શ હોવાનો દેખાવ કરે છે. અપેક્ષાનો ભોગ બનેલ સ્ત્રીને ખરેખર આદર્શ બનવું છે ખરું? સ્ત્રીના અધિકાર વિશે કે સ્ત્રી-પુરુષની અસમાનતા વિશે બોલતી કે લખતી દરેક સ્ત્રીને જબરી કહીને એક નવો હાંસિયો તૈયાર કર્યો છે. સમાજ નામના કાગળ પર ડાબી તરફ નબળી અને શોષિત મહિલાઓ હાંસિયામાં છે અને જમણી બાજુએ જબરી સ્ત્રીઓ છે. જે સમાજે બાંધેલા દાયરામાં મૂંગા મોંઢે ચાલે છે તે સર્વ સ્વીકૃત હોય છે. **આગલી પેઢીએ કહેલી આદર્શ વ્યાખ્યા અને આદર્શ કથા આવનારી પેઢીને યોગ્ય માર્ગ આપે છે કે ગેરમાર્ગે દોરે છે?** ■

## નારી સૃષ્ટિ

અજુતા
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# પતિ-પત્નીના વિવાહિત જીવનનો મહત્ત્વનો દસ્તાવેજ મેરેજ સર્ટિફિકેટ



**મેરેજ સર્ટિફિકેટ ખાસ કરીને મહિલાઓના અધિકારોને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે: આપણા દેશમાં લગ્નની નોંધણી ફરજિયાત નથી, જે યુગલનાં લગ્નના સામાજિક પુરાવા હોય તો મેરેજ સર્ટિફિકેટ વિના પણ ચાલે, પરંતુ આ કાનૂની દસ્તાવેજ ઘણા ઠેકાણે ખપ લાગે છે**

આપણા દેશમાં લગ્ન વિશે ઘણા કાનૂન બનાવવામાં આવ્યા છે. આ કાયદાઓ આપણને મળેલા અધિકારોની રક્ષા કરે છે, પરંતુ આ અધિકારોનું સંરક્ષણ મેળવવા જરૂરી છે કે જે તે યુગલ પોતાનું મેરેજ સર્ટિફિકેટ બનાવડાવી લે. નજીવી ફી ચૂકવીને બનાવવામાં આવતું **મેરેજ સર્ટિફિકેટ ખાસ કરીને મહિલાઓના અધિકારોને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. વળી તેની પ્રક્રિયા પણ ખાસ મુશ્કેલ નથી.**

મેરેજ સર્ટિફિકેટ જે તે યુગલ અધિકૃત રીતે પરિણીત છે એ વાતનું ઘોષણાપત્ર કહી શકાય. આપણા દેશમાં લગ્નની નોંધણીને લગતા બે કાનૂન છે. (૧) હિન્દુ વિવાહ કાનૂન (૧૯૫૫), (૨) વિશેષ વિવાહ કાનૂન - સ્પેશિયલ મેરેજ એક્ટ (૧૯૫૪). ભારતના નાગરિકો આ કાનૂનો હેઠળ પોતાનાં લગ્નની નોંધણી કરાવી શકે છે. હિન્દુ મેરેજ એક્ટ હિન્દુઓનાં લગ્નને, જ્યારે સ્પેશિયલ મેરેજ એક્ટ કોઈ પણ નાગરિકના વિવાહને લાગુ પડે છે. આ બંને કાનૂનથી જે તે યુગલ વિવાહિત છે એ વાત સુનિશ્ચિત થાય છે અને આ કાનૂનો હેઠળ જ તેમની એકબીજા માટેની જવાબદારીઓ પણ નક્કી થાય છે. **વર્ષ ૨૦૦૬માં સર્વોચ્ચ અદાલતે મેરેજ સર્ટિફિકેટ બનાવવાનું નક્કી કર્યું હતું. આમ કરવા પાછળનો સુપ્રીમ કોર્ટનો મૂળ હેતુ મહિલાઓને તેમના અધિકારો અપાવવાનો હતો.**

જોકે ઘણા લોકોને એવો પ્રશ્ન થાય છે કે શું મેરેજ રજિસ્ટર કરાવવામાં ન આવે તો તે અધિકૃત વિવાહ ન ગણાય? આના જવાબમાં નિષ્ણાતો કહે છે કે આપણા દેશમાં લગ્નની નોંધણી ફરજિયાત નથી. જે યુગલનાં લગ્નના સામાજિક પુરાવા હોય તો મેરેજ સર્ટિફિકેટ વિના પણ ચાલે, પરંતુ આ કાનૂની દસ્તાવેજ ઘણા ઠેકાણે ખપ લાગે છે. જેમ કે **કોઈ યુગલને પરસ્પર ન બનતું હોય અને તેઓ અલગ થવા માગતા હોય તો બાળકની કસ્ટડી, ઈન્સ્યોરન્સ ક્લેમ, બેન્કમાં નોમિની, વારસા હક જેવી બાબતોમાં તે કામ આવે છે.**

નિષ્ણાતો મેરેજ સર્ટિફિકેટ વિષયક માહિતી આપતા કહે છે કે હિન્દુ મેરેજ એક્ટ હેઠળ લગ્નનું રજિસ્ટ્રેશન કરાવવા પતિ-પત્ની જ્યાં રહેતાં હોય તે વિસ્તારમાં સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ પાસે અરજી કરવાની રહે છે. **યુગલ ઓફલાઈન અને ઓનલાઈન એમ બંને રીતે નોંધણી કરાવી શકે છે.**

મેરેજ સર્ટિફિકેટ મળતાં સાતથી પંદર દિવસનો સમય લાગે છે. જોકે તેને માટે વિવાહિત યુગલે મેજિસ્ટ્રેટની કચેરીમાં જઈને કેટલાંક ફોર્મ ભરવાના રહે છે. ઓનલાઇન રજિસ્ટ્રેશનમાં કચેરીની અપોઈન્ટમેન્ટ મેળવવામાં થોડા દિવસનો સમય લાગી જાય છે. જેમ કે હિન્દુ મેરેજ એક્ટ હેઠળની અપોઈન્ટમેન્ટ માટે ૧૫ દિવસ અને **સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળની અપોઈન્ટમેન્ટ માટે એક મહિના જેટલો સમય લાગે છે.**

મેરેજ રજિસ્ટ્રેશનના ખર્ચની વાત કરીએ તો હિન્દુ મેરેજ એક્ટ હેઠળ લગ્નની નોંધણી કરાવવાનો ખર્ચ ૧૦૦ રૂપિયા આવે છે, જ્યારે સ્પેશિયલ મેરેજ એક્ટમાં જે તે યુગલે રૂ. ૧૫૦ ચૂકવવાના રહે છે. તદુપરાંત જે તે યુગલે એફિડેવિટ પેટે રૂ. ૪૦૦થી ૫૦૦ આપવાના રહે છે. ■



## કવર સ્ટોરી

**ડૉ. પ્રભુદાસ પટેલ,**
તંત્રી

# મહાશિવરાત્રી

**મહાશિવરાત્રિ હિંદુઓ માટે એક મોટું પર્વ છે, જેને ભક્તો ધામધૂમથી ઊજવે છે. ભક્તો તેમના આરાધ્ય દેવ ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે ઉપવાસ રાખે છે. મહાશિવરાત્રિ વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે.**

આ વર્ષે **મહાશિવરાત્રિ ૧૮ ફેબ્રુઆરી ને શનિવારે છે.** આ દિવસની પ્રતીક્ષા શિવભક્તોને આખું વર્ષ રહે છે. મહાશિવરાત્રિ હિંદુઓ માટે એક મોટું પર્વ છે, જેને ભક્તો ધામધૂમથી ઊજવે છે. ભક્તો તેમના આરાધ્ય દેવ ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે ઉપવાસ રાખે છે. **મહાશિવરાત્રિ વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે. આજે આપણે અહીં આવી જ એક દંતકથા પર નજર કરીએ.**

ચિત્રભાનુ નામનો એક શિકારી હતો. તે પ્રાણીઓનો શિકાર કરીને તેના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસ તે રોજની જેમ જંગલમાં શિકાર કરવા નીકળ્યો, પરંતુ આખો દિવસ એક પણ શિકાર ન મળ્યો. **શિકારી ભૂખ-તરસથી પરેશાન હતો. તે શિકારની શોધમાં જંગલમાં ઘણે દૂર નીકળી ગયો હતો.**

અંધારું થયુ ત્યારે શિકારીએ વિચાર્યું કે રાત જંગલમાં જ વિતાવવી પડશે. ખાલી હાથે પાછો જઈશ તો બાળકો અને પત્નીને શું ખવડાવીશ? માટે **આજે જંગલમાં જ રાત રોકાઈને કોઈ પ્રાણીનો શિકાર કરીને જ ઘરે જઈશ.**

શિકારી જંગલમાં તળાવના કાંઠે બિલીપત્રના એક ઝાડ પર ચડી ગયો અને રાત પસાર થવાની રાહ જોતો રહ્યો. બિલ્વ વૃક્ષ નીચે એક શિવલિંગ હતું, જે બિલ્વપત્રોથી ઢંકાયેલું હતું. શિકારીને તેની જાણ નહોતી. આરામદાયક સ્થાન બનાવતી વખતે તેણે જે ડાળખી તોડી તેના પરથી સંજોગવત્ બિલ્વનાં પાન શિવલિંગ પર પડતાં રહ્યાં. **શિકારી આખો દિવસ ભૂખ્યો અને તરસ્યો ઉપવાસ પર રહ્યો અને અજાણતા બિલ્વપત્રો પણ શિવલિંગ ઉપર ચઢાવતો ગયો.**

મોડી રાત્રે એક હરણી તળાવ પર પાણી પીવા માટે આવી હતી. અવાજ સાંભળતા જ શિકારીએ જલદી ધનુષબાણ પર એક તીર ચઢાવ્યું. આ જોઈ હરણીએ કહ્યું, **"મારાં નાનાં નાનાં બચ્ચાં ઘરે ભૂખ્યાં છે. મને જવા દે... જો હું નહીં જાઉં તો બચ્ચાં ભૂખથી મરી જશે."**

આ સાંભળીને શિકારીએ કહ્યું કે, **"મારા ઘરે પણ મારાં નાનાં બાળકો ભૂખથી મારી રાહ જુએ છે. માટે હું ખાલી હાથે પાછો જવાનો નથી."**

આ સાંભળીને હરણીએ કહ્યું, ''હું મારાં બચ્ચાંઓને પયપાન કરાવીને ટૂંક સમયમાં તારી સમક્ષ હાજર થઈશ, પછી મારો શિકાર

# કવર સ્ટોરી



કરજે.'' **શિકારીને દયા આવી અને હરણીને જવા દીધી. હરણી જંગલમાં ગાયબ થઈ ગઈ.**

બાણ ચઢાવતા અને ઉતારતા થોડાં બિલિપત્રો ફરી શિવલિંગ પર પડ્યાં. **આ રીતે પ્રથમ પ્રહરની અનાયાસે પૂજા શિકારી દ્વારા થઈ ગઈ.**

રાત્રીનો બીજો પ્રહર શરૂ થયો ત્યાં એક અન્ય હરણ ત્યાંથી પસાર થયું. શિકારી પાસે આ સોનેરી તક હતી. તેણે ધનુષ પર તીર ચઢાવ્યું અને જેવો તે તીર છોડવાનો જ હતો કે એ હરણ બોલ્યું, **''હે શિકારી, મારાં બચ્ચાં ઘરે ભૂખથી ટળવળે છે. હું બચ્ચાંની માતાને શોધવા નીકળ્યો છું. મને જવા દે.''**

શિકારી હસ્યો અને બોલ્યો. ''સામે આવેલો શિકાર હું છોડી દઉં એટલો મૂર્ખ નથી. **આ પહેલાં મેં મારો શિકાર ગુમાવી દીધો છે. મારાં બાળકો ભૂખ-તરસથી વ્યાકુળ થતાં હશે.''**

તો હરણ બોલ્યું, ''જેવી રીતે તને તારાં બાળકોનો પ્રેમ સતાવી રહ્યો છે ઠીક એ જ રીતે મને પણ સતાવે છે. શિકારી, મારો વિશ્વાસ કર. **હું મારાં બચ્ચાંઓને એની મા સાથે મેળાપ કરાવીને તરત જ પરત ફરીશ. આ મારું વચન છે.''**

હરણનો નમ્ર અવાજ સાંભળીને શિકારીએ તેના પર દયા આવી. તેણે તે હરણને પણ જવા દીધું. શિકારના આ અભાવમાં ભૂખ અને તરસથી વ્યાકુળ **શિકારી અજાણતા બિલિપત્રનાં પાન ઝાડ પર બેસીને નીચે ફેંકી રહ્યો હતો.**

રાત્રીનો ત્રીજો પ્રહર શરૂ થયો... ત્યાં હરણાનાં બે નાનાં બચ્ચાં આવતાં દેખાયાં.



શિકારીએ ધનુષ્ય પર તીર ચડાવ્યું.

ત્યા જ બચ્ચાંઓ બોલી ઊઠ્યા, **''ભાઈ અમને મારીશ નહીં. અમારી માતા સવારની અમને શોધી રહી હશે માટે અમને એક વાર અમારા મા-બાપ સાથે મળી લેવા દે. પછી તું સુખેથી અમને મારજે.''**

બચ્ચાંઓની વાત સાંભળીને શિકારીને પોતાનાં બાળકો યાદ આવ્યાં. હૃદય કરુણાથી ભરાઈ ગયું. શિકારીએ બંને બચ્ચાંઓને જવા દીધાં.

આ તરફ હરણા અને બચ્ચાંઓનો મેળાપ થયો. હરણીએ બચ્ચાંઓની ભૂખ શાંત કરી.. એકબીજા સાથે વહાલ કર્યું અને શિકારીને આપેલા વચનની વાત કરી. ત્યાર **બધા એકસાથે મળીને શિકારીનો શિકાર બનવા માટે નીકળ્યાં**

રાત્રીનો ચોથો પ્રહર શરૂ થયો. હરણાં અને બચ્ચાંઓ શિકારી પાસે આવ્યાં અને કહ્યું, **''તેં અમને જીવતાં જવા દીધા, હવે અમે વચન મુજબ તારી પાસે આવ્યા છીએ. તું સુખેથી અમારો શિકાર કરી શકે છે.''**

ઉપવાસ... રાત્રિ જાગરણ... અને શિવલિંગ પર બિલિપત્ર ચઢાવવાથી અજાણતાં જ શિકારી દ્વારા શિવરાત્રિની પૂજા પૂરી થઈ ગઈ હતી. **અજાણતા કરેલી પૂજાનું પરિણામ**

## દેશભરમાં ૧૨ જ્યોતિર્લિંગ

પૌરાણિક કથાઓ અનુસાર, મહાશિવરાત્રિના દિવસે દેશભરમાં બાર જ્યોતિર્લિંગ પ્રગટ થયા હતા. આ ૧૨ જ્યોતિર્લિંગ છેઃ સોમનાથ જ્યોતિર્લિંગ, મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ, મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ, ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ, કેદારનાથ જ્યોતિર્લિંગ, ભીમાશંકર જ્યોતિર્લિંગ, વિશ્વનાથ જ્યોતિર્લિંગ, ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ, વૈદ્યનાથ જ્યોતિર્લિંગ, નાગેશ્વર જ્યોતિર્લિંગ, રામેશ્વર જ્યોતિર્લિંગ અને ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગ. મહાશિવરાત્રિને આ ૧૨ જ્યોતિર્લિંગોના પ્રગટના ઉત્સવ તરીકે પણ ઉજવવામાં આવે છે અને ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે.

**શિવરાત્રીએ પૂજા કેવી રીતે કરવી?**

શિવરાત્રીના દિવસે સવારે સ્નાન કરી, સ્વચ્છ કપડાં પહેરો. બને ત્યાં સુધી સફેદ કપડાં પહેરવા. ત્યાર બાદ ઘરમાં દીવો પ્રગટાવી હાથ જોડો અને વ્રત સંકલ્પ લો. દિવસમાં માત્ર ફળાહાર કરો. પછી શુભમુહૂર્તમાં પૂજા કરો. એના માટે શિવલિંગ પર ગંગાજળ, દૂધ, સહી, મધ વગેરેના પંચામૃતથી અભિષેક કરો. શિવજીને બિલીપત્ર, ધતૂરો, સફેદ ફૂલ અને સફેદ ચંદન અર્પિત કરો. ભગવાન શિવ સાથે માતા પાર્વતીની પૂજા-અર્ચના પણ જરૂર કરવી. ફળ-મીઠાઈનો ભોગ ચઢાવો. ધૂપદીપ કરો. આ દરમિયાન 'ૐ નમઃ શિવાય' મંત્રનો જાપ કરો. અંતમાં ભગવાન શિવની આરતી જરૂર કરવી.

**તેને તરત જ મળ્યું. શિકારીનું હૃદય કોમળ થઈ ગયું, તેમા ભગવદ્ શક્તિનો વાસ થઈ ગયો.**

હરણાંઓની સત્યતા-સાત્વિકતા અને સામૂહિક પ્રેમભાવના જોઈને શિકારીને ખૂબ પસ્તાવો થયો. તેણે હરણના પરિવારને જીવનદાન આપ્યુ અજાણતા જ શિવરાત્રિના વ્રતનું પાલન કરવાથી શિકારીને મોક્ષની પ્રાપ્તિ થઈ. જ્યારે અંતિમ સમયે યમદૂત તેનો પ્રાણ લેવા આવ્યો તો શિવગણોએ તેમને પરત મોકલી દીધો અને શિકારીને શિવલોક લઈ ગયા. શિવજીની કૃપાથી જ પોતાના આ જન્મમાં રાજા ચિત્રભાનુ પોતાના પાછલા જન્મને યાદ રાખી શક્યા અને **મહાશિવરાત્રિનુ મહત્ત્વ જાણીને તેનું આગલા જન્મમાં પણ પાલન કરી શક્યા.**



અન્ય એક દંતકથા પ્રમાણે શિવપુરાણમાં જણાવ્યું છે કે મહાશિવરાત્રિના દિવસે ભગવાન સદાશિવ સૌથી પહેલાં શિવલિંગના રૂપમાં પ્રગટ થયા હતા. એવું માનવામાં આવે છે કે આ જ દિવસે ભગવાન શિવનું જ્યોતિર્લિંગ પ્રાગટ્ય થયું હતું. તે દિવસે હિંદુ કેલેન્ડર મુજબ ફાગણ માસના કૃષ્ણપક્ષની ચતુર્દશી તિથિ હતી. **આ કારણે દર વર્ષે ફાગણ કૃષ્ણ ચતુર્દશીના દિવસે મહાશિવરાત્રિ ઉજવવામાં આવે છે.**

પૌરાણિક કથાઓ અનુસાર, મહાશિવરાત્રિ પર શિવ અને શક્તિનું મહામિલન થયું હતું. ભગવાન શિવ અને શક્તિ એકબીજા સાથે વિવાહના બંધનમાં બંધાયા હતા. વૈરાગી શિવ વૈરાગ્ય છોડીને ગૃહસ્થના આશ્રમમાં પ્રવેશ્યા હતા. જેના કારણે મહાશિવરાત્રિના અવસરે અનેક જગ્યાએ શિવ બારાત કાઢવામાં આવે છે. આ દિવસે શિવ ભક્તો શિવ-પાર્વતીના વિવાહ પણ સંપન્ન કરાવે છે. **ધાર્મિક માન્યતાઓ અનુસાર, શિવ અને માતા પાર્વતીના વિવાહ કરાવવાથી વિવાહિત જીવનની સમસ્યાઓ દૂર થાય છે, દામ્પત્ય જીવન સુખી બને છે.** ■




## નારી સૃષ્ટિ

**વૈશાલી ઠક્કર**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# બાળકોને સમજાવો સારા-નરસા સ્પર્શ વચ્ચેનો ભેદ



આપણે અવારનવાર અખબારો અને સામયિકોમાં બાળકોના યૌનશોષણના સમાચારો વાંચતા હોઈએ છીએ અને હવે તો બાળકીઓનું યૌનશોષણ કર્યા પછી તેમને મોતને ઘાટ ઉતારી દેવાની ઘટનાઓ પણ બની રહી છે. આંચકાજનક વાત એ છે કે તેમની આ પ્રકારની સતામણી કરનારા મોટા ભેગા તેમના પરિવારજનો કે ઓળખીતાઓ જ હોય છે. આવી સ્થિતિમાં તેમને બચાવવા શી રીતે? આના જવાબમાં મનોચિકિસ્તકો અને સમાજશાસ્ત્રીઓ કહે છે કે બાળકોને સારા અને નરસા સ્પર્શનો ભેદ સમજાવો. સમય પાકી ગયો છે કે આપણે સ્પર્શ વિષયક સંકુચિત વિચારસરણીમાંથી બહાર આવીને બાળકોને તેના વિશે સમજાવીએ. જ્યારે તેમને એવું લાગે ચોક્કસ પ્રકારનો સ્પર્શ તેમને અકળાવે છે ત્યારે તેઓ ડરી જવાને બદલે માતાપિતા સાથે તે અંગે વાત કરે તે આવશ્યક છે. બાકી **જ્યાં સુધી બાળકોને આવી બાબતની સમજ આપવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ વિકૃત માનસ ધરાવતા લોકોના શિકાર બનતા રહેશે.**

> **અણછાજતો સ્પર્શ બાળકોને અકળાવે જરૂર છે, તેથી તેમને આ પ્રકારનું પ્રશિક્ષણ આપવાથી તેઓ તરત જ તેનો વિરોધ કરશે: જ્યારે બાળકો તમને કંઇ કહેવા માગતાં હોય ત્યારે તેમની વાત ધ્યાનથી સાંભળો અને સમજો**

મનોચિકિત્સકો અને સમાજશાસ્ત્રીઓ એમ પણ કહે છે કે એક સમયે બાળકો સંયુક્ત કુટુંબમાં મોટાં થતાં તેથી તેમનાં દાદા-દાદીની નજર તેમના પર રહેતી. મહિલાઓ પણ મોટા ભાગે ગૃહિણી બનીને રહેતી તેથી સંતાનો તેની નજર સમક્ષ જ રહેતાં. પરંતુ હવે સમય બદલાયો છે. વિભક્ત કુટુંબોની સંખ્યા વધી છે અને માતાપિતા બંને નોકરી કરતાં હોવાથી બાળકો કોઈક સગાંસંબંધી પાસે કે પછી આયાના હાથમાં મોટા થાય છે. **આવી સ્થિતિમાં તેમનું યૌનશોષણ થવાની શક્યતા વધી જાય છે. બહેતર છે કે તેમને સારા અને નરસા સ્પર્શ વચ્ચેનો ભેદ સમજાવવામાં આવે.**

જોકે માતાપિતાને એ નથી સમજાતું હોતું કે બાળકને આ વાત કઈ ઉંમરે સમજાવવી? આના જવાબમાં નિષ્ણાતો કહે છે કે જ્યારે તમારું બાળક બોલતું થઈ જાય, પોતાની જરૂરિયાતો બાબતે વાત કરવા લાગે, આસપાસની સ્થિતિ અને તમારી કહેલી વાત સારી રીતે સમજવા લાગે ત્યારે તેમને આ વાત સમજાવી શકાય. તેઓ વધુમાં કહે છે કે બાળકો ભોળા હોવાથી ગંભીરતાથી કહેલી વાત નહીં સમજી શકે. તેમને તેમની ભાષામાં એટલે કે રમત-રમતમાં આવી વાતો સમજાવવી પડશે. જેમ કે તેમની સામે કોઈ પણ સ્થિતિ ભજવીને બતાવો. તેમને સમજાવો કે અજાણી વ્યક્તિ પાસે બિલકુલ ન જાય. ઘરના સભ્યોને કહ્યા વિના કોઈની સાથે બહાર ન જાય. **ચોકલેટ, પીપર, બિસ્કિટ જેવી વસ્તુઓની લાલચમાં ન આવે. બલકે કોઈ આપતું હોય તોય તે લેવાની ના પાડી દે.**

જો કોઈનો સ્પર્શ તેમને અકળાવે તો તેને હડસેલી નાખવામાં વાર ન કરે. નિષ્ણાતો ઉમેરે છે કે ભલે બાળકો આવી વાત બોલીને વ્યક્ત નથી કરી શકતાં, પરંતુ અણછાજતો સ્પર્શ તેમને અકળાવે જરૂર છે. તેથી તેમને આ પ્રકારનું પ્રશિક્ષણ આપવાથી તેઓ તરત જ તેનો વિરોધ કરશે અને જ્યારે બાળકો તમને કંઈ કહેવા માગતાં હોય ત્યારે તેમની વાત ધ્યાનથી સાંભળો અને સમજો. કેટલીક વખત ભૂલકું ઘરના જ કોઈક સભ્યથી દૂર રહેવાનો પ્રયાસ કરતું હોય છે. આવી સ્થિતિમાં માતાપિતા તેની વાત સમજી નથી શકતાં અને તેમને કાકાથી દૂર ન રહેવાય કે મામાને ન તરછોડાય જેવી શિખામણ આપતાં હોય છે. વાસ્તવમાં તેમણે સૌથી પહેલા એ વાતની તપાસ કરી લેવી જોઈએ કે બાળક ચોક્કસ વ્યક્તિથી દૂર રહેવાનો પ્રયાસ શા માટે કરે છે. **વળી તેના વર્તનમાં કોઈ પરિવર્તન જણાય તોય તરત જ તેની પાછળનું કારણ જાણવા-સમજવાનો પ્રયાસ કરો.**

બાળકોનું યૌનશોષણ કરનારાઓને કડક સજા કરવા માટેના કાનૂન મોજૂદ છે. તેથી **તમે બાળકને એમ પણ સમજાવી શકો કે જો કોઈ તમને અણગમતી રીતે સ્પર્શ કરે તો તેને પોલીસમાં પકડાવી શકાય છે. તેથી ગભરાયા વિના માતાપિતાને આ વાત કહે.** ■



**ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# ભયનું ચિકિત્સાલય

**મુસ્લિમ આક્રમણો સામે પોતાની સ્ત્રીઓની રક્ષા કરવામાં નિર્બળ સમાજે સતીપ્રથાની રચના કરી. પોતાની નિર્બળતાને છાવરવા માટે એણે સ્ત્રીમાં દેવી તત્ત્વનું આરોપણ કર્યું. એણે સ્ત્રીની આસપાસ ભ્રમોની એવી જાળ રચી કે એ સ્ત્રી પણ જીવતાં સળગી જવાની ક્રિયાને એક દૈવી તત્ત્વ સાથે જોડીને આવકારવા લાગી**



જગત આખું ખૂંદી વળો, તો તમને ચોતરફ ભયથી ભીંસાતા માનવીઓ જ નજરે પડશે. આજે ભાગ્યે જ ભયરહિત માનવી તમને જોવા મળશે. જનસામાન્યથી અસાધારણ પ્રતિભા ધરાવનાર સુધી, ધર્મજિજ્ઞાસુથી મહાસમર્થ ગુરુ સુધી અને અદના નાગરિકથી અગ્રણી નેતા સુધી સહુ કોઈ એક કે બીજા પ્રકારના ભયની ચુંગાલમાં ફસાયેલા હોય છે. વર્તમાન યુગમાં જેમ સંતોષી માનવી મેળવવો મુશ્કેલ બની ગયો છે એ પ્રમાણે ભયરહિત માનવીની પ્રાપ્તિ દુર્લભ બની ગઈ છે. **ક્રોધ કે મોહ જેટલાં જુદાં જુદાં રૂપ ધારણ કરી શકતાં નથી એટલાં રૂપ ભય ધારણ કરી શકે છે.**

પ્રગાઢ પ્રેમ અને પ્રબળ શત્રુતા - બંને વ્યક્તિ માટે ભયનું કારણ બને છે તે કેવું? સામાન્ય રીતે પાંચ પ્રકારે ભય પ્રવર્તતો જોવા મળે છે. પહેલો પ્રકાર એ છે કે વ્યક્તિની પ્રકૃતિ પર જ ભય પ્રભુત્વ ધરાવતો હોય. કેટલીક વ્યક્તિઓ પ્રત્યેક વાતમાં ભય અનુભવતી હોય છે. બહારગામ જતી વખતે એને મુસાફરીના આનંદના બદલે 'જો બીમાર પડી જશે તો શું થશે?' એનો ભય લાગતો હોય છે અને પરિણામે પ્રવાસ સમયે એ સતત બીમારીના કાલ્પનિક ભયથી પીડાય છે. **કોઈ વ્યક્તિને સાંજ પછી રસ્તા પર ચાલતાં ભય લાગતો હોય છે અને કોઈ વ્યક્તિ ઘરની બહાર નીકળે, ત્યારથી ભયનું પોટલું માથે લઈને ફરતો હોય છે.**

કેટલાક પોતાના સ્વજન બહારગામ જતા હોય તો એમને મુસાફરી દરમિયાન દર અડધા કલાકે 'કોઈ અકસ્માત તો થયો નથી ને' એવા ભયથી મોબાઈલ કરતા હોય છે. કોઈના અંગત જીવનમાં આવો ભય પ્રવર્તતો લાગે, તો કોઈને એવો ભય પીડતો હોય છે કે **'આ વર્ષે વરસાદ નહીં પડે, તો કેવો ભીષણ દુષ્કાળ આવશે?' અને પછી એના ચિત્તમાં અગાઉના દુષ્કાળનાં ભયપ્રદ ચિત્રો તરવરવા અને ઘૂમવા લાગે છે.**

ભયનો બીજો પ્રકાર એ પૂર્વકૃત કર્મોનો છે. કૌભાંડ કરનાર ધનિકને માથે સતત ભય ઝળૂંતો રહે છે કે એનું અત્યાર સુધી જીવની પેઠે જાળવીને ગુપ્ત રાખેલું કૌભાંડ બહાર આવી જશે તો શું થશે? કોઈ દુરાચારી દુરાચારને સતત છાવરતો હોય, પણ એના મનમાં સતત એવી ચિંતા અને ભય સતાવતા હોય છે કે જો પોતાનો દુરાચાર જાહેર થઈ જશે તો માથે કેટલી મોટી આફત આવી પડશે... **ઈન્કમટેક્સમાં કરેલી ચોરી પકડાઈ જશે તો કેવી દુર્દશા થશે તેની ફિકર કેટલાયને સતાવતી હોય છે.**

માનો યા ના માનો, પણ એ હકીકત છે કે દરેક વ્યક્તિના મનમાં કેટલીક ગ્રંથિઓ કે માન્યતાઓ બંધાઈ ગઈ હોય છે અને એ માન્યતાઓથી એનું જીવન ભયગ્રસ્ત રહે છે. કૂતરું રડે અને યમરાજ આવી રહ્યા છે એવો

ભય એને લાગે છે. રાત્રે ઘુવડનો અવાજ સાંભળે અને અપશુકનનો ડર લાગે છે. નવા મકાનમાં વસવાટ કરવા જાય અને મુશ્કેલી આવે તો કોઈ પિતૃ દુભાયાનો ભય સતત સેવે છે. **જમાનો ગમે તેટલો આધુનિક હોય, પરંતુ માણસના મનમાં આવી માન્યતાઓ ભય જગાવતી હોય છે.**

કેટલીક વ્યક્તિઓ ભવિષ્ય અંગેના કાલ્પનિક ભયથી પીડાતી હોય છે. ચોથા પ્રકારનો આ કાલ્પનિક ભય એવો છે કે જે સામે હોતો નથી, છતાં સામે હોય એવું લાગતું હોય છે. યુવાનને ભય લાગતો હોય છે કે ઘડપણમાં શું થશે અને કોણ એની સેવા કરશે? **વૃદ્ધ માણસને ડર લાગતો હોય છે કે બારણે હમણાં મૃત્યુ આવી ઊભું રહેશે તો શું થશે?**

એક વાર સ્મશાનમાં જતાં ભય પામેલી વ્યક્તિને એ પછી સ્મશાનની પાસેથી પસાર થતાં પણ ડર લાગે છે. એમાં ભોગેજોગે જો જવાનું બને તો આખું અસ્તિત્વ ભયથી થરથર કંપતું હોય છે. **આવા ભયભીત લોકોનો સમાગમ પોતાનામાં અને અન્યમાં ભયનું વિસ્તૃતિકરણ કરતો હોય છે.**

ભયના આ પ્રકારો જોયા પછી વ્યક્તિએ સ્વયં ચિકિત્સા કરવી જોઈએ કે પોતે કયા પ્રકારના ભયથી આતંકિત છે. **ભય ક્યારેય જાતે વ્યક્તિની વિદાય લેતો નથી, એ તો 'માન ન માન, મૈં તેરા મહેમાન'ની માફક એના મનરૂપી ઘરમાં ઘૂસી જઈને રહે છે.**

> **નરકની યાતનાનાં ક્રૂર અને કરુણ વર્ણનોથી શાસ્ત્રોનાં પાનાંનાં પાનાં ભરાયેલાં છે, માણસના મનમાં ડગલે ને પગલે પાપ, દોષ કે દુષ્કર્મની એટલી બધી વાતો ભરી દેવામાં આવે છે કે એ પોતાના કર્મમાં ક્યારેય પુણ્યને જોતો નથી, માત્ર પાપથી ડરતો રહે છે.**

વ્યક્તિના જીવનવિકાસ પર ભય એવો કુઠારાઘાત કરે છે કે એનું જીવન પ્રગતિના માર્ગે જવાને બદલે પીછેહઠ કરે છે. ભય જીવનની પ્રગતિનો એક એવો શત્રુ છે, જે વ્યક્તિનાં જીવનવૃક્ષનાં સઘળાં મૂળિયાં ઊખેડીને બહાર ફેંકી દે છે. **વ્યક્તિ ભયને કારણે ખોટે માર્ગે જશે અને પોતાનું પતન વહોરી લેશે.**

મુસ્લિમ આક્રમણો સામે પોતાની સ્ત્રીઓની રક્ષા કરવામાં નિર્બળ સમાજે સતીપ્રથાની રચના કરી. પોતાની નિર્બળતાને છાવરવા માટે એણે સ્ત્રીમાં દેવી તત્ત્વનું આરોપણ કર્યું. એણે સ્ત્રીની આસપાસ ભ્રમોની એવી જાળ રચી કે એ સ્ત્રી પણ જીવતાં સળગી જવાની ક્રિયાને એક દૈવી તત્ત્વ સાથે જોડીને આવકારવા લાગી. **જ્યાં સત્ય આકરું હોય છે ત્યાં એને અસત્યના વાઘા પહેરાવવામાં આવે છે અને પછી અસત્યના તંબુઓમાં પલાયનવૃત્તિ આશરો લે છે.**

આપણાં કેટલાંય વિધિવિધાનો ભય સર્જિત છે. નરકની યાતનાનાં ક્રૂર અને કરુણ વર્ણનોથી શાસ્ત્રોનાં પાનાંનાં પાનાં ભરાયેલાં છે. માણસના મનમાં ડગલે ને પગલે પાપ, દોષ કે દુષ્કર્મની એટલી બધી વાતો ભરી દેવામાં આવે છે કે એ પોતાના કર્મમાં ક્યારેય પુણ્યને જોતો નથી. માત્ર પાપથી ડરતો રહે છે. આપણી પ્રત્યેક ધર્મક્રિયાઓમાંથી થતી આધ્યાત્મપ્રાપ્તિને બદલે એ ધર્મક્રિયાઓના અભાવે થનારા પાપની વાત વિશેષ ભારપૂર્વક કહેવામાં આવી છે. બ્રહ્મચર્ય વ્રતના પાલનથી પ્રગટતા આનંદની વાત કરવાને બદલે એ વ્રતના ભંગથી થતા પાપનું ભયજનક વર્ણન કર્યું છે. **'આમ કરશો તો આવું મોટું પાપ થશે' એમ કહીને માણસને ભથી સન્માર્ગે વાળવાની કોશિશ થાય છે.**

માણસના જીવનમાં કેટલાક વાસ્તવિક ભય હોય છે. એને નોકરી ગુમાવવાનો ભય હોય છે કે દીકરો નાપાસ થશે તેવો ભય હોય છે. પ્રમોશન મળશે કે નહીં મળે એવો ભય હોય છે કે પછી પોતાના બોસના ગુસ્સાનો ભય હોય છે. આવા વાસ્તવિક ભય કરતાં કાલ્પનિક ભય માનવીના મન પર વધુ સવાર થઈ જાય છે અને એને પરિણામે આજના માનવીનું જીવન સતત ભય ભરેલું લાગે છે. એ ખડખડાટ હસવાનું ભૂલી ગયો છે. એના ચહેરા પર આનંદના બદલે ટેન્શન અને સ્ટ્રેસ દેખાય છે. એની ધર્મક્રિયામાં આંતરિક ઉલ્લાસની અભિવ્યક્તિને બદલે બાહ્ય દૈહિક વ્યાયામ નજરે પડે છે. **ભગવાન બુદ્ધ, યોગી આનંદઘન, સંત કબીર કે પૂજ્ય મોટાના ચહેરા પરનો ઉલ્લાસ નજરે પડે છે ખરો?**

માણસ એના ભયને બરાબર પારખે તે જરૂરી છે. આજે તો એ દરેક ભય પર 'પોતાના જીવનમાં આવેલા દુઃખ'નું લેબલ લગાડીને જીવી રહ્યો છે. આથી દુઃખના મૂળમાં જઈએ તો કોઈ ભય દેખાશે અને ભયના મૂળમાં જઈએ તો ભાગેડુ વૃત્તિ નજરે પડશે. આથી **વ્યક્તિએ પોતાના ચિત્તમાં રહેલા ભય વિશે ચિકિત્સા કરવી જોઈએ અને એના નિવારણ માટે કટિબદ્ધ બનીને પુરુષાર્થ ખેડવો જોઈએ.**■



**ડો. ભરત પટેલ**
લેખક ટ્રેનર, ફેસીલીટેટર અને કાઉન્સેલર છે

# કુંવર



**બહુ મોડો ખ્યાલ આવ્યો કે જીવનમાં લાઇન તો ક્યારેય તોડવી જોઈએ નહીં અને તેમાંય આવી જગ્યાએ તો ભૂલથી પણ નહીં. ઈશ્વરના દરબારમાં કોઈ હોદ્દો કે કાર્ડ ચાલતું નથી.**

રાજસ્થાનના જસોલ ઘરાનાના કુંવર, રાજવી પરિવારના સંતાન અને ગુજરાત કેડરના સીનિયર આઈએએસ અધિકારી કુંવર ફતેસિંહ જસોલ, ગુજરાત રાજ્યના અધિક મુખ્ય સચિવ. તેઓની મુલાકાત ગુજરાત રાજ્યના ખાતાકીય તપાસ અધિકારી તરીકે થયેલી. સરકારી સાક્ષી તરીકે તેમની સમક્ષ ઘણી વાર ઉચાપતના કેસોમાં જુબાની આપવા જવાનું થયેલું ત્યારે તેમને નજીકથી જોયેલા. દેખાવ અને રુતબો પણ રાજવી જેવો જ. વળ ચઢાવેલી લાંબી વાંકડી મૂછો અને તે મૂછો માટેનું ગૌરવ. **ખાલી જગ્યામાં પણ વાંચી શકે અને બોલ્યા વગર સ્થિતિને પામી જાય તે શક્તિનો પરિચય મને તપાસ કેસો દરમિયાન થયેલો. દબદબો અને ઠસ્સો પુષ્કળ, લોકો ગભરાતા.**

એક વાર હું અંબાજી દર્શન કરવા ગયો હતો અને સાહેબને અંબાજી માતાના મંદિરના પ્રાંગણમાં સામાન્ય લાઇનમાં દર્શન માટે ઊભેલા જોયા. હું થોડી વાર ઊભો રહ્યો. દૂરથી જોઈને વિચાર કર્યો કે મોટે ભાગે રાજ્યના કે દેશના રાજકીય નેતાઓ અથવા આ કક્ષાના સીનિયર અધિકારીઓ જ્યારે આવા ધાર્મિક સ્થળે જતા હોય છે ત્યારે પ્રોટોકોલનો ઉપયોગ કરી વીવીઆઈપી વ્યવસ્થા હેઠળ લાઇન સિવાય સીધા ગર્ભગૃહમાં જઈને દર્શનનો લાભ લેતા હોય છે. આજે આમ કેમ? **હું અચકાતો અને વિચારતો સાહેબ પાસે ગયો, નમસ્તે કરી ક્ષેમકુશળ પૂછ્યા.**

થોડી વાર રાહ જોઈને સાહેબને પૂછી નાખ્યું કે, 'સાહેબ, કેમ લાઇનમાં ઊભા છો?' સાહેબે હસીને જવાબ આપ્યો, 'ભરત, જીવનપર્યંત લાઇન તોડીને દર્શન કર્યાં છે. હવે જ્યારે ગુરુજીની કૃપાથી સમજણ પડી છે તો પછી લાઇનમાં ઊભા રહેવા દો. આટલાં વર્ષો પછી બહુ મોડો ખ્યાલ આવ્યો કે જીવનમાં લાઇન તો ક્યારેય તોડવી જોઈએ નહીં અને તેમાંય આવી જગ્યાએ તો ભૂલથી પણ નહીં. ઈશ્વરના દરબારમાં કોઈ હોદ્દો કે કાર્ડ ચાલતું નથી. હમણાં જ પ્રોટોકોલ પ્રાંત અધિકારી મને સમજાવી ગયો. મેં તેને વિનંતી કરી કે ભાઈ હવે તો સુધરવા દો. ભરત, તારે દર્શન બાકી હોય તો મારી સાથે જોડાઈ જા.' **મેં પણ સાહેબને હાથ જોડીને કહ્યું કે, 'હું પણ હવે તો લાઇનમાં છેલ્લે જ જઈશ, આટલી સમજણ મેળવ્યા પછી.'**

થોડાં વર્ષો પછી જસોલ સાહેબના હાથ નીચે અઢીથી ત્રણ વર્ષ સીધી કામગીરી કરવાનો મોકો મળ્યો. ઘણી બાબતો તેમને જોઈને અને કેટલીક બાબતો શિષ્યભાવે શીખવા મળી. તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના સ્ટુડન્ટ રહી ચૂક્યા હોવાથી તેમની અંગ્રેજી ભાષામાં એક જુદી જ ફ્લેવર હતી. કામગીરી પ્રત્યેની ચીવટ અને ચોકસાઈ સામાન્ય અધિકારીની પહોંચની બહાર હતા. ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ હોય કે મુખ્યમંત્રી હોય, જ્યારે પોતાના આત્મસન્માનની વાત હોય અને સત્ય માટેની રજૂઆત હોય તો કુંવર ફતેસિંહ જસોલની વાત એક રાજવીને શોભે એવી જ હોય. આ ગુણનો પરિચય તો કેટલીય વાર પ્રત્યક્ષ થયેલો છે. **કોઈના પ્રત્યે ઉદારતા દાખવવાની હોય તો પણ ગરીમાથી, સામા માણસના ગૌરવને જાળવીને.**

જીવનપર્યંત પોતાના શોખને જીવંત રાખી વિવિધ પક્ષીઓના જીવનનો અભ્યાસ કરી વિવિધ સ્થળોએ રખડી, જંગલમાં માંચડા બાંધી તેના પર રાતવાસો કરી દસ હજારથી પણ વધુ દુર્લભ એવાં પક્ષીઓના સ્ટીલ ફોટોગ્રાફ્સનું કલેક્શન તેમની પાસે છે. પક્ષીવિદ્ તરીકે સલીમઅલી પછી તેમના નામની ગણના થાય છે. પીએચ.ડી.થી પણ વધુ ગહન અભ્યાસ. વિશ્વનાં અગ્રગણ્ય અને નામાંકિત પ્રકાશક ગૃહો તેમની પાસે તેમના સંગ્રહને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવા અનેક વાર બેઠક કરી ગયાં. મેં એક વાર હસતાં હસતાં કહ્યું, 'સાહેબ, આપનો સંગ્રહ પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થાય તો સારું રહેશે.' **સાહેબે અંગ્રેજીમાં જવાબ આપ્યો હતો કે, 'હું મારા શોખની રોકડી કરવા નથી માગતો.'**


મારા પીએચ.ડી.ના અભ્યાસ માટે રજિસ્ટ્રેશન કરાવવા યુનિવર્સિટી જવા માટે રજા લેવા તેમજ આશીર્વાદ મેળવવા ગયો ત્યારે મને કુંવર જાસોલ સાહેબે વિષય તેમજ અન્ય વિગતો પૂછી અને પછી જે વાત કરી તે મને ખૂબ જ અગત્યની લાગી. તેમણે કહ્યું કે- કારકિર્દી માટે જીવનમાં આવો ગહન અભ્યાસ જરૂરી છે, પરંતુ કોઈ પણ વિષયનો અભ્યાસ તમને માત્ર જ્ઞાની બનાવે છે. માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાથી માણસનો અહંકાર અને તેનાથી મોહ વધે છે, પરંતુ જ્ઞાન આત્મસાત્ કરવાથી મનુષ્યને મુક્તિનો અહેસાસ થાય છે. તેમાંય વિશેષ તો **શાસ્ત્રોનું જ્ઞાન આત્મસાત્ કરવાથી સમત્વમ પ્રાપ્ત થાય છે. વિચારી જોજો અને તને યોગ્ય લાગે તે જ કરવું.**

છત્રીસ વર્ષમાં નોકરી તો ચાળીસથી વધુ સાહેબોના હાથ નીચે કરી, પરંતુ **અગત્યનો પ્રશ્ન એ છે કે શીખ્યા શું? અને જેમની પાસેથી શીખ્યા તે આત્મસાત્ કર્યું કે નહીં?** ■



**વસંત આઇ. સોની**
લેખક આધુનિક વિચારસરણી ધરાવતા ભક્તકવિ છે

# રૂપિયો ક્યાંથી આવે છે?



'પિતાજી, હવે તો મને પેઢીનો કારભાર સોંપી દોને... ક્યાં સુધી સંભાળશો?'

'ના, હજુ તને ખબર નથી રૂપિયો ક્યાંથી આવે છે... એમ કર આજે એક રૂપિયો કમાઈને મને સાંજે આપજે.'

બહુ રખડપટ્ટી પછી લોખંડ ટીપતા લુહારની મજૂરી કરીને એક રૂપિયો લઈને પિતાનો આપ્યો. પિતાએ એ જ ઘડીએ રૂપિયો બારી બહાર ફેંકી દીધો ને કહ્યું, 'જા, કાલે ફરી એક રૂપિયો કમાઈને આપજે.'

ફરી એ જ લુહારને ત્યાં હથોડા ઘા મારી સાંજે એક રૂપિયો પિતાને આપ્યો. પિતાએ એ જ પ્રમાણે ફેંકી દીધો ને કહ્યું, 'જા, હવે કાલે એક વાર એક રૂપિયો કમાઈને આપજો.'

દીકરો પરસેવાથી રેબઝેબ... ઉનાળાની આકરી ગરમીમાં ઘણના ઘા મારી હાથે ફોલ્લા પડી ગયા. તેણે એક રૂપિયો કમાઈને પિતાજીને આપ્યો.

પિતાજી મહેનતનો એક રૂપિયો ફેંકવા જતા હતા ત્યાં દીકરો હાથ પકડીને કહે, 'ઊભા રહો પિતાજી... આ રૂપિયા માટે કેટલી તનતોડ મહેનત કરી છે... મારી મહેનતની કમાણી છે... હાથમાં ફોલ્લા પડી ગયા છે. શું તમને ખબર નથી આ રૂપિયો હું ક્યાંથી લાવું છું?'

પિતાએ ખુશ થઈને કહ્યું, 'બેટા, હવે હું મારી પરસેવાની કમાણીનો સઘળો કારભાર સંભાળવાને લાયક છે. તને કમ-સે-કમ એટલી તો જાણ થઈ કે રૂપિયા કેવી રીતે આવે છે.'

મારે તમને એ જ કહેવું છે કે ઊગતી નવયુવાન પેઢીના જુવાનો... મારી માતાઓ, ઢળતી ઉંમરે વહુને કારભાર સોંપજો... ઘરમાં દીકરાની વહુને ઝાંઝર ખખડે એટલે તેને સઘળો વ્યવહાર સોંપજો, પણ થોડી ધીરજથી... તેના આત્માને ઠેસ ના પહોંચે, તેમનું સન્માન જળવાય તેવી કસોટી તો જરૂર કરજો જ, જેથી તેમની આવનારી પેઢી માટે બચત કરી ઘર વ્યવહાર, મહેમાનોની આગતા-સ્વાગતા, બહેન- દીકરી- ભાણી- ભાણિયાના મામેરાં કરી શકે. ■

# આ તો કેવું થયું?

સાપે છછૂંદર ગળ્યું. સાપ છછૂંદરને મોંની બહાર નથી કાઢી શકતો કે નથી અંદર લઈ શકતો, કેમ કે સાપ કરતાં દસ ગણું ઝેર છછૂંદરમાં હોય છે. જો બહાર કઢવા જાય તો નાકમાંથી છછૂંદર ઝેરી ફુવારો મારે... સાપ આંધળો થાય અને પેટમાં ગળી જાય તો અંદર ઝેર ફેલાઈ જાય.

વાંદરાએ ચણા લેવા ઘડામાં મુઠ્ઠી ભરી તો ખરી, પણ જો મુઠ્ઠી બહાર કાઢે તો ચણા આવતા નથી. ચણા મુઠ્ઠીમાં રાખવા છે તો મુઠ્ઠી બહાર નીકળતી નથી.

આપણે પણ કેટકેટલી મુઠ્ઠીઓ ધન-દોલતની, માન-પાનની, રાગ-દ્વેષની ક્યાં સુધી ભરી રાખીશું? તમને માત્ર ને માત્ર આભાસ છે. છોડી દો વ્યર્થ મુઠ્ઠીઓને.

ભગવાનને મેળવવા છે ને પંચવિષયોની ઇન્દ્રિયોમાંથી મુક્ત પણ નથી થવું. મ્યાન સોનાની બનાવી છે - તલવાર લોખંડની છે. શા માટે પકડી રાખો છો? ચાલુ વ્યવહારિક જગતમાં કામો આટોપતા આટોપતા હરિ ગુણ ગાઈ લો ને... શું બગડશે?

પહેલાંના જમાનામાં બાઈઓ શિવાજીનાં જેવાં હાલરડાં ગાતી જાય, દોરી પગે બાંધી હલાવતી જાય ને બેઠા બેઠા ઘરકામ કરતી જાય. યુગનું પરિવર્તન ભલે થયું, પણ ઘરમાં વૃદ્ધ મા-બાપ હોય તો સંસ્કારોનું સિંચન કરી લેજો, જેથી નવી પેઢીનાં સંતાનોનું ભવિષ્ય ઊજળું બને.

કંઈક પ્રાપ્ત કરવા કંઈક છોડવું જ રહ્યું. સમય વહી રહ્યો છે. આપને એમ કે ઉંદરથી પણ સુંદર રૂપાળો ઉંદર મોંમાં શિકાર આવ્યો છે, વાંદરાને પણ એમ છે કે મુઠ્ઠી ભરી ચણા મળશે ને હું પેટ ભરીશ, પણ વ્યર્થ પુરુષાર્થ એળે ગયો. માટે વિનયપૂર્વક પુરુષાર્થ કરો અને કરાવો. ■



**બી. વી. ચૌહાણ**
લેખક નવી ભોજન પ્રથાના હીમાયતી છે

# નવી ભોજન પ્રથા શા માટે?



જગતમાં બધું જ પરિવર્તનશીલ હોય છે. એક સમય હતો, જ્યારે વચનની કિંમત હતી. **પ્રાણ જાય, પણ વચન ન જાય... આજે અભી બોલા અભી ફોકનો જમાનો છે.**

પતિ પાછળ સતી થવું તેની કિંમત હતી, આજે તે મૂર્ખામી ગણાય છે. જે પહેરવેશ પ્રત્યે નફરત હતી તે અત્યારે ગૌરવપ્રદ ફૅશન ગણાય છે. ઘણું એવું છે જે અગાઉ સારું ગણાતું હતું તે અત્યારે ખરાબ ગણાય છે. **જ્યારે અગાઉ જે ખરાબ ગણાતું હતું તે અત્યારે સારું ગણાય છે. આ વાત માત્ર સામાજિક સ્તરે લાગું પડે છે એવું નથી, વિજ્ઞાનના સ્તરે પણ એવું જ છે.**

દૂધ સંપૂર્ણ આહાર ગણાતું હતું, તે નુકસાનકારક ગણાય છે. પેનેસિલિન અને તેની **અસંખ્ય અન્ય દવાઓ જે માનવ રક્ષક ગણાતી હતી તે હાલ માનવ ભક્ષક જણાતા તેના પર પ્રતિબંધ લાદી દેવામાં આવેલ છે.**

ભોજન બાબતે પણ આપણા જે ખ્યાલો હતા અને વારસામાં મળેલ છે તે શાશ્વત નથી. આથી તે બાબતે ફરી વિચાર માગી લે છે અને જો તેમાં ભૂલ જણાય તો તેને છોડી દેવામાં અને નવી પ્રથા અપનાવવામાં શંકા, ભય, અવિશ્વાસ, શરમ કે સંકુચિતતા છોડી સહર્ષ સ્વીકાર કરવાની તત્પરતા દાખવવી જોઈએ. શરમ કે સંકુચિતતા છોડી સહર્ષ સ્વીકાર કરવાની તત્પરતા દાખવવી જોઈએ. **સ્વાભાવિક રીતે જ આંધળું અનુકરણ કરવું કે અંધવિશ્વાસ કરવો તે બુદ્ધિમત્તાનું કામ નથી. તે જ રીતે નવું વિચારવું જ નહીં, નવું અપનાવવું જ નહીં તે જડતા છે.**

> **દુનિયા આખીમાં આપણે જોઈએ છીએ કે રોગોએ માનવજાતને એવો ભરડો લીધો છે કે કોઈ ઘર કે કોઈ વ્યક્તિ તેના સકંજામાંથી છૂટી શક્યું નથી. બાળકથી માંડીને યુવાનો અને વૃદ્ધો હરકોઈ રોગી છે**

દુનિયા આખીમાં આપણે જોઈએ છીએ કે રોગોએ માનવજાતને એવો ભરડો લીધો છે કે કોઈ ઘર કે કોઈ વ્યક્તિ તેના સકંજામાંથી છૂટી શક્યું નથી. બાળકથી માંડીને યુવાનો અને વૃદ્ધો હરકોઈ રોગી છે. સંસારીઓ તો સમજ્યા, પણ સાધુ, સંતો, મહંતો, વિરક્તો, યોગી સૌ કોઈ રોગી છે. આમ **ત્યાગી અને ભોગી સૌ કોઈ રોગી છે. માંસહરી, શાકાહરી, મિતાહરી... સૌ રોગી છે.**

આમ જનતા તો સમજ્યા, પણ ડૉક્ટરો, વૈદ્યો અને અન્ય ચિકિત્સકો પણ રોગી છે. કોઈ પણ દેશ, સંપ્રદાય, સંસ્કૃતિના સૌ કોઈ રોગી છે. દવાથી રોગ મટશે એમ માનીને આયુર્વેદથી ન મટતાં એલોપેથિક. એલોપેથિકથી ન મટતા હોમિયોપેથી. એમ દવાની માયાજાળમાં વધુ ને વધુ ફસાતા જઈએ છીએ અને તે સિવાયનું કંઈ વિચારતા જ નથી. પરિણામે રોગોની સંખ્યા, રોગોની તીવ્રતા, રોગોની ભયાનકતા, રોગોની વ્યાપકતા વધ્યે જ જાય છે. જો સમયસર જાગી નહીં જઈએ તો ભવિષ્ય ભયાનક હશે. સાચા વૈજ્ઞાનિક બનવું પડશે. સાચા આધ્યાત્મિક બનવું પડશે. ધર્માંધતા જેટલી ખતરનાક છે એટલી જ બલકે હાલના વૈજ્ઞાનિક યુગમાં તેનાથી પણ વિશેષ ખતરનાક જ્ઞાનાંધતા છે, તે સમજી લેવું ખૂબ જ જરૂરી છે. એક સમયે જે રાજરોગ ગણાતા, તે જ રોગો અત્યારે આમરોગ બની ગયા છે અને દિન-પ્રતિદિન આવા રોગોમાં ઉમેરો જ થતો જાય છે અને છતાં **આપણે આંખ નહીં ઉઘાડીએ અને આપણું જ્ઞાન-વિજ્ઞાન આપણને કોઈ ને કોઈ દિવસ ચોક્કસ રોગમુક્ત કરશે તેવું માનીને માનવજાતને ભરખી જશે તે નિશ્ચિત છે.** ■

# FLORA AKSHAR CITY

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**







# FLORA PALMS

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**

# FLORA 11

સાઈટ : ફ્લોરા ૧૧, રવાપર રોડ,
ફ્લોરા ૧૫૮ ની પાસે, મોરબી - ૩૬૩૬૪૧

Contact : **99252 48651, 98250 30271**




**સ્થાપક શ્રી કિશોરભાઈ વિરમગામાના સાહસ, પુરુષાર્થ અને એકમેવ લગનથી સાકાર થયેલ એક સ્વપ્ન જેણે ગુજરાતમાં ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ્સ થકી રીયલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે.**

**સુંદરતમ પ્રોજેક્ટ્સ જે ગુણવત્તાની દ્રષ્ટિએ તો શ્રેષ્ઠતમ હોય પરંતુ કલાત્મકતાના પણ નવા માપદંડ સ્થાપિત કરે તે ફ્લોરા ગ્રુપની પહેચાન છે. ફ્લોરા ગ્રુપના પ્રોજેક્ટ્સ ત્યાં વસનારા લોકો માટે આજીવન આનંદ અને પરમ સંતોષનું કારણ બન્યું છે અને એટલે જ આટલા વર્ષોની અડીખમ ઓળખ, પ્રત્યેક પ્રોજેક્ટ સાથે વધુ મજબૂત બની છે.**



**શ્રી કિશોરભાઈ વિરમગામા**

વિશ્વાસ અને
ગુણવત્તાના પાયા પર
## રચાયેલી અડીખમ ઓળખ...

# FLORA FARMS

Site : Flora Farms, B/H. Sanala Village,
Rajkot - Morbi Highway, Sanala, Morbi

Contact : **99252 48651, 98250 30271**







# FLORA IRIS

એડ્રેસ : ફ્લોરા આઈરીસ, સાનિધ્ય બંગ્લોઝની સામે,
ફ્લોરા એકઝોરા રોડ,સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮

Contact : **95795 22222 , 95125 12222**

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – કડી

મુ. કડી, તા. કડી, જિ. મહેસાણા, ફોન નં. (૦૨૭૬૪) ૨૪૨૦૨૧, ૨૩૨૨૩૮

સ્થાપના સને ૧૯૫૫-૫૬

## સરદાર પટેલ કોટન સબ માર્કેટ યાર્ડ કડી – કલોલ રોડ, બુડાસણ





બજાર સમિતિ કડી દ્વારા નીચે મુજબની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

(૧) કડી તાલુકાના દર્દીઓને રાહત દરે એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવે છે.

(૨) બજાર સમિતિ કડીમાં માલ લઈ આવતા ખેડૂતભાઈઓને સસ્તા દરે પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

(૩) કડી તાલુકાની શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને દર વર્ષે એક ડઝન ચોપડા રાહત દરે આપવામાં આવે છે. આજ દિન સુધી આ યોજનામાં **૩,૨૩,૦૦૦** ડઝન ચોપડા આપવામાં આવેલ છે. જેમાં **૨,૫૦,૦૦,૦૦૦**ની સબસિડી આપવામાં આવેલ છે.

(૪) કડી શહેર તેમજ બહારથી આવતા તમામ નાગરિકોને પીવાનું ઠંડું પાણી મળે રહે તે હેતુથી કડી શહેરમાં ઠંડા પાણીના કૂલર તેમજ ઠંડા પાણીના જગ મૂકવામાં આવે છે.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

**રાજેન્દ્રકુમાર જી. પટેલ**
ચેરમેન

**પટેલ નીતિનભાઈ રતિલાલ**
(પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)

**બળદેવભાઈ એ. પટેલ**
વાઈસ ચેરમેન

ખમાર હિમાંશુભાઈ બંસીભાઈ
પટેલ રશ્મિનભાઈ સેંધાભાઈ
પટેલ જીવણભાઈ બેચરદાસ
પટેલ રમેશભાઈ બચુભાઈ
જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણા

પટેલ વિનોદભાઈ રણછોડદાસ
પટેલ અરવિંદભાઈ વિઠ્ઠલદાસ
પટેલ ભોગીલાલ હરજીવનદાસ
પટેલ અંબાલાલ પીતાંબરદાસ
જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી મહેસાણા

પટેલ ભરતભાઈ ભુદરદાસ
મહેશ્વરી મનોજભાઈ પરસોત્તમદાસ
પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ
પટેલ વિષ્ણુભાઈ પ્રહલાદદાસ
(પ્રતિનિધિશ્રી નગરપાલિકા કડી)



**કમલેશકુમાર એલ. ત્રિવેદી**
ઈન્ચા. સેક્રેટરી

# બાલ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. ભગીરથ પટેલ**
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.

**ઓ હિન્દ દેવભૂમિ, સંતાન સૌ તમારાં,**
**કરીએ મળીને વંદન, સ્વીકારજો હમારા.**



ઘરે કોઈ મહેમાન આવે તો ઘરમાં બધાને સારું લાગતું હતું વાતો કરીશું, જમવામાં મમ્મી કંઈક સારું બનાવશે. મોડા સુધી જાગતા. મહેમાન જાય ત્યારે તેમને છેક બસસ્ટેન્ડ સુધી મૂકવા જતા હતા. મહેમાન ગયા પછીનું ઘર ખાવા દોડતું હતું



આમ તો મહિનાનો છેલ્લો દિવસ હોય તેને આખર તારીખ કહેવાય એટલે ૩૦ અથવા ૩૧. આ દિવસે શાળા બે પીરિયડ વહેલી છૂટતી હતી એટલે મહિનાના છેલ્લા દિવસે ઘેર જઈ વધુ રમવા મળશે તેનો આનંદ હતો.



આખી સોસાયટીમાં પહેલાં એક જ સજ્જનના ઘેર ફ્રીઝ હતું. ઉનાળામાં ક્યારેક બરફની ટ્રે મળી જતી. બરફની ટ્રે હાથમાં હોય ત્યારે આનંદમાં એવું લાગતું કે હમણાં જ મારું શરીર ઠંડું પડી જશે.
એકના ઘેર ફોન હતો. કોઈ સગા ફોન કરે અને પડોશી બોલાવે ત્યારે બીક પણ લાગતી કારણ ફોન તો માઠા સમાચાર માટે જ આવે તેવું મોટા ભાગે થતું, કારણ સારા સમાચાર તો પોસ્ટકાર્ડમાં આવી જતા.



લગ્નમાં જમવા જવાનું હોય તો તેની કેટલાય દિવસો પહેલાં તૈયારી ચાલતી હતી, ત્યારે લગ્નમાં પંગત બેસતી એટલે મહેમાનોને પાટલા ઉપર બેસાડી જમાડતા, જો પહેલી પંગતમાં જમવા મળે તો વીઆઈપી હોવાનો અહેસાસ થતો હતો.



વેકેશન પણ સુખ હતું. મામાના ઘેર, કાકાને ત્યાં દિવસોના દિવસો રહેતા હતા. ઉનાળુ વેકેશનમાં પરસેવે રેબઝેબ થઈ જતા છતાં લાગતું કે આપણે સ્વિત્ઝર્લેન્ડમાં આવી ગયા.

# પ્રવૃત્તિઓ

## કાયમી ટ્રસ્ટી મંડળ મીટિંગ




તા. ૦૧-૦૧-૨૦૨૩ ના રોજ કાયમી ટ્રસ્ટી મંડળની મીટિંગ વિશ્વ ઉમિયાધામ કાર્યાલય ખાતે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને એજન્ડાના કામો સારું મળી. જેમાં ઓડિટેડ હિસાબો, વિવિધ કમિટીઓએ કરેલ કામ, આવેલ દાન તથા આગામી કાર્યક્રમોના આયોજન બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવી.

## જોઈન્ટ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ વિશ્વ ઉમિયાધામમાં મા ઉમિયાના દર્શનાર્થે

તા. ૦૧-૦૧-૨૦૨૩ ના રોજ જોઈન્ટ કમિશ્નર - ઈન્કમટેક્ષ શ્રી રવિશ ભટ્ટ પરિવાર સહ વિશ્વ ઉમિયાધામમાં મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. મા ઉમિયાની પૂજા - અર્ચના કરી આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી.



## વિશ્વ ઉમિયાધામ ખાતે તા. ૦૨-૦૧-૨૦૨૩ NRI સ્નેહમિલનનું આયોજન






સંસ્થાના યુ.એસ.એ., કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, યુ.કે. વિવિધ દેશોમાંથી સંસ્થાના NRI દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ અન્ય મિત્રો માદરે વતન પધારેલ તે સર્વે મિત્રોનું અભિવાદન તેમજ પરસ્પરના વિચારોનું આદાન - પ્રદાન કરવાના શુભ આશયથી વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ.

સદર સ્નેહમિલનમાં કથાકાર પૂ. શ્રી જીજ્ઞેશદાદા, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, શ્રી બિશ્વનાથ એન. પટનાયક (ઉદ્યોગપતિ), સમાજશ્રેષ્ઠીઓ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ સંગઠન કાર્યકર્તાઓ વિગેરે ઉપસ્થિત રહ્યા.





NRI સ્નેહમિલનમાં દેશ-વિદેશથી પધારેલ NRI મિત્રોએ જગતજનની મા ઉમિયાના સ્મૃતિ મંદિરમાં તેમજ વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મા ઉમિયા નવનિર્મિત મંદિરના ગર્ભગૃહની પૂજા - અર્ચના કરી આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી.

## શ્રી બિશ્વનાથ એન. પટનાયક - BNP
## VUF - ઈન્ટરનેશનલ વેલફેર કાઉન્સિલના ચેરમેનશ્રી તરીકે વરણી




શ્રી બિશ્વનાથ એન. પટનાયક (ઉદ્યોગપતિ) કે જેઓ વિશ્વ ઉમિયાધામના વીઝન - મીશન અને વિચારધારાથી પ્રેરાઈને મા ઉમિયાના ભગીરથ કાર્યમાં સહભાગી થવાની ઉદાર ભાવના વ્યક્ત કરી અને તેમણે દેશ-વિદેશમાં સંસ્થાના પ્રચાર-પ્રસાર અર્થે સ્વયં જવાબદારી સ્વિકારવાની ઈચ્છા પ્રગટ કરતાં તેમની VUF ઈન્ટરનેશનલ વેલફેર કાઉન્સિલના ચેરમેનશ્રી તરીકે વરણી કરવામાં આવી. તા. ૦૨-૦૧-૨૦૨૩ NRI સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, કથાકાર પૂ. શ્રી જિજ્ઞેશદાદા તથા સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલના વરદ્‌હસ્તે તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પદભાર પત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું.




માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ - ડો. જીતેન્દ્ર અઢીયાના અમેરિકા તેમજ કેનેડાના પ્રવાસ બાદ સ્થાયી પાટીદાર શ્રેષ્ઠીશ્રીઓને મળી તેમના જીવન, પડકારો તેમજ સંઘર્ષની સત્ય ઘટનાથી વાકેફ થઈ "પરાક્રમી પાટીદાર" નામનું પુસ્તક લખેલ. જેનું વિશ્વ ઉમિયાધામ ખાતે NRI સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન વિમોચન કરવામાં આવેલ.




વિશ્વ ઉમિયાધામ ખાતે ઈલેક્ટ્રીકલ વ્હીકલ ચાર્જીંગ સ્ટેશનનું ઉદ્‌ઘાટન માન. પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વરદ્‌હસ્તે તથા સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.



ઉમાછત્ર સહાય યોજનાના સભ્ય શ્રી સંજયભાઈ આદ્રોજાનું દુ:ખદ અવસાન થયેલ તે અંતર્ગત તેમના પરિવારજનોને ઉમાછત્ર સહાયનો ચેક પૂર્વ ના. મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પૂ. શ્રી જીજ્ઞેશદાદા, પ્રમુખશ્રી આર.પી.પટેલ તથા ઉમાછત્ર ચેરમેનશ્રી જયંતિભાઈ પટેલની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવેલ.

HIR-ASHA
SKY

# 3BHK

## LUXURIOUS APARTMENT

94268 90010/79843 83366

**HIR-ASHA SKY,**
**Sagar Sangeet Cross Road, Science City,**
**Sola, Ahmedabad**

**RAJ DEVELOPERS**

Dashrathbhai A. Patel
(Ex Sarpanch, Sola)

Krishnakant R. Patel
(Sola)



RERA NO: PR/GJ/AHMEDABAD AHMEDABAD CITY/AUDA/MAA09622/311221 www.gujrera.gujarat.gov.in

# The Fastest Growing Brand in India

CELEBRATING MORE THAN 15 YEARS OF EXCELLENCE

**FLEXIBOND®**

AN ATTACHMENT



Aluminium Composite Panel



PVC / WPC Foam Board



WPC Solid Doors & Frames



PVC Laminate

| | | |
|---|---|---|
| 7+ CERTIFICATES | 5000+ PROJECTS | 10+ COUNTRY EXPORT |
| 70,000 Sq. Mtr. PRODUCTION AREA | 20+ MAJOR STOCK POINTS | 30+ CORPORATE SUPPLY |

Umiya Flexifoam Pvt. Ltd. | Umiya Carbon Pvt. Ltd. | Flexibond Decoratives LLP

info@flexibond.com www.flexibond.com +91 92280 25446

## સમાચાર



સમાચાર સંપાદિકા : ડૉ. રૂપલ પટેલ,

## ડો. પ્રવિણ તોગડીયા વિશ્વ ઉમિયાધામની મુલાકાતે



વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખશ્રી ડો. પ્રવિણ તોગડીયાએ તા. ૦૪-૦૧-૨૦૨૩ ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે જગતજનની મા ઉમિયાની પૂજા - અર્ચના તથા આરતીનો લાભ લઈ મા ઉમિયાના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી.

સદર મુલાકાત દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલે સંસ્થાના વીઝન - મીશન તેમજ સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી.

## સંસ્થાની શુભેચ્છા મુલાકાતે સ્વામીશ્રી - ધ્રાંગધ્રા સ્વામિનારાયણ મંદિર



તા. ૦૫-૦૧-૨૦૨૩ ના રોજ ધ્રાંગધ્રા - સ્વામિનારાયણ મંદિરના સંતો શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ - ગુરૂકુળ, ધ્રાંગધ્રા આયોજીત શ્રી ઘનશ્યામ મહારાજના સાતમા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે સંસ્થાના પ્રમુખશ્રીને સ્નેહભર્યું આમંત્રણ પાઠવેલ.

## તા. ૦૭-૦૧-૨૦૨૩ ના રોજ પેરેન્ટીંગ સેમિનાર



સમાજના સંતાનોનું શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક અને વ્યાવહારિક તબક્કે ખૂબ જ સારા ઘડતર સાથે સંસ્કારોનું સિંચન થાય તે હેતુસર સંસ્થા દ્વારા વિશ્વ પ્રસિદ્ધ ગુરુ એવમ્ મોટીવેશનલ સ્પીકર શ્રી પરીક્ષિત જોબનપુત્રના માર્ગદર્શન હેઠળ પેરેન્ટિંગ સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

## તા. ૦૮-૦૧-૨૦૨૩ - ભરૂચ જીલ્લા સંગઠન - સ્નેહમિલન સમારોહ



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - ભરૂચ જીલ્લા સંગઠનના ચેરમેનશ્રી શૈલેષભાઈ પટેલ અને અન્ય હોદ્દેદારશ્રીઓ દ્વારા તા. ૦૮-૦૧-૨૦૨૩ ના રોજ સમસ્ત કડવા પાટીદાર સમાજના ભરૂચ જીલ્લાનું સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા, વિશ્વ ઉમિયાધામ-જાસપુર, અમદાવાદ અને શ્રી ઉમિયા માતાજી મંદિર-સિદસરના પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

આ દરમિયાન સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રી એમ.એમ.પટેલે ભરૂચ - અંકલેશ્વર હાઈવે ઉપર જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણની દરખાસ્ત રજૂ કરતા કાર્યક્રમમાં ઉપસ્થિત ૧૦ હજાર જેટલા પાટીદાર બંધુ-ભગિનીઓએ તેમની દરખાસ્તને વધાવી લીધી. સમારોહ દરમિયાન VUF ના દાતાટ્રસ્ટીશ્રીઓ પૈકી શ્રી એમ.એમ.પટેલે રૂા ૧ કરોડ ૧૧ લાખ, ભરૂચ જીલ્લાના ચેરમેનશ્રી શૈલેષભાઈ પટેલે રૂા. ૫૧ લાખ, મહેશભાઈ પટેલે રૂા. ૫૧ લાખ તેમજ વિજયભાઈ પટેલે રૂા. ૫૧ લાખ મંદિર નિર્માણ માટે માતબર રકમની જાહેરાત કરી મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે.

## કડી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ સંસ્થાની મુલાકાતે




કડી સર્વ વિદ્યાલયના પ્રમુખશ્રી વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તાલીમ શિબિરના વિદ્યાર્થીઓ તથા સંચાલન - સંકલનના ડો. યોગેશ પટેલ તેમજ ડો. ધર્મેન્દ્ર પટેલ સહિત વિશ્વ ઉમિયાધામની મુલાકાતે પધારેલ.

આ દરમિયાન સંસ્થાના પ્રમુખ શ્રી આર. પી. પટેલે સંસ્થાના વીઝન - મીશન તથા વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા અને વિદ્યાર્થીઓને મહેનત, સ્પષ્ટતા, વીઝન અને મીશન સાથે આગળ વધી માનવ કલ્યાણના કાર્ય માટે હંમેશા તત્પર રહેવું.

## શ્રી જેસલ બાબુભાઈ પટેલ, શિકાગો સ્ટેટ લીંકનવુડ ટાઉનના મેયર - મા ઉમિયાના દર્શનાર્થે







સંસ્થાએ વિશ્વ ઉમિયાધામ માટે જાસપુરની જે જમીન ખરીદ કરેલ છે, તેના જમીન માલિક શ્રી બાબુભાઈ કે. પટેલ અને તેમના પુત્ર શ્રી જેસલ પટેલ કે જેઓ વામજના વતની છે અને હાલ શિકાગો - અમેરિકામાં સ્થાયી છે. તેમના પુત્ર શ્રી જેસલ પટેલ શિકાગો સ્ટેટના લીંકનવુડ ટાઉનમાં મેયર તરીકેની જવાબદારી સંભાળે છે. તેઓએ સંસ્થાની મુલાકાત લીધેલ અને મા ઉમિયાની આરતી - પૂજા - અર્ચના કરી આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી.

## સ્વામિનારાયણ ગુરૂકુળ - ખીરસરા ઉપલેટાના વિદ્યાર્થીઓ મા ઉમિયાના દર્શનાર્થે





તા. ૧૨-૦૧-૨૦૨૩ ના રોજ સ્વામિનારાયણ - ખીરસરા - ઉપલેટાના પ્રમુખશ્રી પરમ પૂજ્ય શાસ્ત્રી નારણસ્વરૂપદાસજીના માર્ગદર્શનથી ગુરૂકુળના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ વિશ્વ ઉમિયાધામ ખાતે મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. તે દરમિયાન મા ઉમિયાની આરતી તેમજ શિક્ષાપોથી પૂજા - અર્ચના - પઠન કરી આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી અને સંસ્થા વિશે વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા.




## કેન્દ્રીય સંગઠન કમિટી - પદભાર પત્ર એનાયત

તા. ૧૨-૦૧-૨૦૨૩ ના રોજ કેન્દ્રીય સંગઠન કમિટી મીટિંગ વિશ્વ ઉમિયાધામ ખાતે મળી તે દરમિયાન સંસ્થાના કેન્દ્રીય સંગઠનના હોદ્દેદારશ્રીઓને પદભાર પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા.

## શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ - પૂર્વ આયોજન બેઠક



તા. ૨૧ ફેબ્રુઆરી થી ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞના ભવ્ય આયોજન માટે સોલા - સાયન્સ સીટી - ગોતા - ઘાટલોડિયા - ભાડજ - ઓગણજ તેમજ સંસ્થાના સંગઠનના સક્રિય, સેવાભાવી અને કર્મનિષ્ઠ કાર્યકર્તાઓ તથા આસપાસ વિસ્તારના યુવાનોની પ્રાથમિક બેઠકની મીટિંગ તા. ૧૯-૦૧-૨૦૨૩ ના રોજ આર. કે. રોયલ હોલ, સાયન્સ સીટી અમદાવાદ ખાતે રાખવામાં આવેલ.

## વિશ્વ ઉમિયાધામ ખાતે રમતોત્સવ (ક્રિકેટ-વોલીબોલ) નો શુભારંભ






યુવાવર્ગમાં આધ્યાત્મિક ચેતના ઉજાગર થાય અને તેના થકી યુવા વર્ગ સમાજોત્કર્ષની પ્રવૃત્તિઓમાં સક્રિય બને તેવા ઉમદા આશયથી સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર.પી.પટેલના માર્ગદર્શન હેઠળ યુવા સંગઠન દ્વારા સ્પોર્ટ્સ ટુર્નામેન્ટનું તા. ૨૧-૦૧-૨૦૨૩ થી ૧૨-૦૨-૨૦૨૩ સુધી આયોજન કરવામા આવેલ છે.

સદર ટુર્નામેન્ટનો શુભારંભ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના વરદ્હસ્તે અને સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, મુખ્ય સ્પોન્સ સરકાર જ્વેલર્સ-શ્રી સુકેશભાઈ, શ્રી દેવેશ તથા જય પટેલ તેમજ કો-સ્પોન્સશ્રી ધી મહેસાણા બેન્કના ડિરેક્ટરશ્રી-શ્રી વિનોદભાઈ પટેલ, **SSC** ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ચેરમેન શ્રી જયંતિભાઈ એ. પટેલ તથા યુથ કાઉન્સિલના હોદ્દેદારશ્રીઓ વસંતભાઈ ધોળુ, જીતુભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, હિમાંશુભાઈ પટેલ, ગૌરાંગભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, પૂર્વિનભાઈ પટેલ, ધમભાઈ પટેલ તેમજ રમત-ગમત સાથે જોડાયેલા ક્રિકેટ પ્રેમીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.




આ ટુર્નામેન્ટમાં ક્રિકેટની ૧૨૮ ટીમ અને વોલીબોલની ૨૦૦ જેટલી ટીમ અને તે ઉપરાંત અન્ય રમતોની ટીમના આશરે ૫૦૦૦ જેટલા રમતવીરોએ ભાગ લીધેલ છે.

## સંગઠન - સ્નેહમિલન - પદભાર પત્ર એનાયત






સંગઠનને વધુ મજબૂત બનાવવા વિશ્વ ઉમિયાધામ ખાતે ત્રણેય પાંખના સંગઠનનું સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ છે. સદર સ્નેહમિલન દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રી આર.પી. પટેલે સંગઠન વિશે માહિતગાર કર્યા હતા અને ત્રણેય પાંખના ચેરમેનશ્રીઓએ સંગઠનના માળખા વિશે પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા. આ ઉપરાંત જીલ્લા સંગઠનના ચેરમેનશ્રીઓએ કરેલ કામગીરી-પ્રતિસાદ રજૂ કર્યો, ત્યાર બાદ સંગઠન કમિટીના સભ્યશ્રીઓને પદભાર પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા.



## ૭૪ માં ગણતંત્ર પર્વ દિનની ઉજવણી

સમગ્ર દેશ જ્યારે આઝાદીના મહોત્સવની ઉજવણી કરેલ છે ત્યારે સંસ્થા દ્વારા ૭૪ મા ગણતંત્ર પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ રાષ્ટ્રભક્તિના સમન્વય સ્વરૂપે ઉજવણી કરવામાં આવેલ. આ અવસર ઉપર ધ્વજવંદના કર્તા તરીકે સંસ્થાના ઉપપ્રમુખશ્રી પ્રહ્લાદભાઈ એ. પટેલ, અતિથિ વિશેષશ્રી તરીકે શ્રી કાંતિભાઈ પટેલ-ખજાનચી, શ્રી શંકરભાઈ કે. પટેલ-ભામાશાદાતાશ્રી તેમજ યુથ કાઉન્સિલ-ચેપ્ટર ચેરમેનશ્રી દિનેશભાઈ, રાકેશભાઈ, નરેશભાઈ, કૌશિકભાઈ પટેલ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજને સલામી આપવામા આવેલ.

## કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા - ૨૪ મો સમૂહ લગ્નોત્સવ





જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મંદિરનું નિર્માણ ૧૪૫૧ જેટલા પાયાના પિલ્લરોથી થવાનું છે, જેમાં હું પણ મંદિરના પાયાનો એક પિલ્લર છું તેવા ભાવ સાથે પાયાના પિલ્લર દાતા બનવા માટે ૧૧ લાખના સહયોગની અપીલ પ્રમુખશ્રી આર.પી. પટેલ દ્વારા કોર-કમિટીમાં રજૂ કરવામાં આવી. આ મીટિંગમાં ઉપસ્થિત હોદ્દેદારશ્રીઓ તેમજ કોર કમિટીના સભ્યશ્રીઓએ ૩૩૨ જેટલા પિલ્લરોની નોંધણી કરાવી અકલ્પનીય પ્રતિભાવ આપેલ તે બદલ તમામ હોદ્દેદાશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા.

તા. ૨૬-૦૧-૨૦૨૩ ના રોજ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - ધનસુરા, અરવલ્લી દ્વારા આયોજીત ૨૪ મો સમૂહ લગ્નોત્સવમાં સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ તેમજ ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલ ઉપસ્થિત રહેલ. જેમાં પાયાના પિલ્લરની વિસ્તૃત માહિતી પ્રમુખશ્રી દ્વારા આપતા ઉપસ્થિત સંસ્થાના ૨૫ લાખના દાતાટ્રસ્ટીશ્રી ડી. એસ. પટેલે પ્રમુખશ્રીને તેમજ અન્ય હોદ્દેદારશ્રીઓને પોતાના ઘરે બોલાવીને પોતાના પરિવારના સગાં-સંબંધીઓમાંથી ૫ પિલ્લર દાતાશ્રીઓની નોંધણી કરાવીને મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે.

તેમની જાહેરાતથી પ્રોત્સાહિત થઈ સંસ્થાના સિલ્વર દાતાટ્રસ્ટીશ્રી પ્રહ્લાદભાઈ પટેલે પણ પોતાના સગાં-સંબંધીઓમાંથી ૧૦ પિલ્લરોની નોંધણી કરાવીને મા ઉમિયા પ્રત્યેનું ઋણ અદા કરેલ છે. આ ઉપરાંત કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - ધનુસરા પંથકના પ્રમુખશ્રી જગદીશભાઈ સાંખલાએ સમાજ વતી પાયાના પિલ્લરોની નોંધણી કરવાની પણ જાહેરાત કરી હતી.

**હરીશ નાયક**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# કંજૂસનું દુઃખ



એક કંજૂસ. પૈસો છૂટે જ નહીં. અરે પૈસો છૂટતો દેખાય નહીં. તેમાં આવ્યા તહેવાર.

તેણે જોયું તો એક માણસ ભિખારીને દાન કરે છે. દાન માત્ર એક જ પૈસાનું હતું, પણ પેલા કંજૂસનો તો જીવ બળી ગયો, 'અરરર...' તે બોલી ઊઠ્યો, **'પૈસો શું આમ વેડફી દેવા માટે હોતો હશે? આમ દાનમાં આપી દેવા માટે હોતો હશે?'**

હવે પૈસો એણે તો આપ્યો નહોતો. **બીજાએ બીજાને આપ્યો હતો. તેમ છતાં એ ઉદાસ થઈ થઈ ગયો.**

એટલું જ નહીં, તે આખો દિવસ ઉદાસ જ રહ્યો. **ઘેર આવ્યો ત્યારે પણ ઉદાસ જ હતો.**

ઘરે સ્ત્રીએ આ જોયું. પતિનું ઉદાસ, મેલું, ઝાંખું, દુઃખી વદન જોઈ તેને ચિંતા થઈ. એટલે તેણે તો પૂછ્યું.

**ઔરત પૂછે તુમકી**
**કાહે વદન મલિન?**
**ક્યા તુમ્હરો**
**કુછ ગિર ગયો?**
**ક્યા કાહુકો દીન?**

એટલે કે ઘરની સ્ત્રી પૂછે છેઃ 'હે સ્વામીનાથ! આપનું વદન આજે ઉદાસીથી આટલું મલિન કેમ છે? શું આપનું કંઈ પડી ગયું છે? **આપનાથી ભૂલથી કોઈને કંઈ અપાઈ ગયું છે?'**

ત્યારે એવા જ રડમસ ચહેરે કંજૂસે જવાબ આપ્યોઃ

**ના હમરો કુછ ગિર ગયો**
**ના કાહુકો દીન**
**દેતે દેખા ઔરકો**
**તાસોં વદન મલિન.**

એટલે કે-

'અમારું કંઈ પડી ગયું નથી અને અમે કોઈને કંઈ આપ્યું પણ નથી. આ તો એક બીજો માનવી કોઈક ત્રીજાને દાન કરતો હતો. **એ દૃશ્ય અમારાથી જોવાઈ ગયું. તેને લીધે જ મારા ચહેરા ઉપર આવી ઝાંખપ આવી ગઈ છે.'**

બીજાને દાન કરતાં જોઈને પણ જે ઉદાસ થઈ જાય, એ કેવડો મોટો કંજૂસ હશે? **કંજૂસને તો બીજા કોઈ દીવો કરે તેનોય તાપ લાગી જતો હોય છે.** ■

**[ બીજાને દાન કરતાં જોઇને પણ જે ઉદાસ થઇ જાય, એ કેવડો મોટો કંજૂસ હશે? કંજૂસને તો બીજા કોઇ દીવો કરે તેનોય તાપ લાગી જતો હોય છે ]**








# THE SPIRE

## 3 BHK HAPPY LIVING & SHOPS

- Security with CCTV
- Jogging Track
- Landscape Garden
- Club House Indoor games
- Multi Purpose Hall
- Open Theatre
- Gymnasium
- Gazebo
- Children Play Area
- Senior Citizen Sitting
- Drop Off Zone
- DG Set

SCAN FOR LOCATION

**Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club**
**S.P. Ring Road, Ahmedabad 380060**

**CONTACT NO.**
**+91 75 75 00 92 77**

SCAN FOR BROCHURE

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

Vishv UMIYA Foundation

shreehari™
Always Fly High




CAN US AUS NZ UK

Call Now +91 9574008581

IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**

403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721. Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

# ખુશીઓથી રમશે આંગણું જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી
અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની
ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલોંજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

15000+ પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

BEST HOSPITALS

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા
નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક
2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Women's Hospital
Ahmedabad

132ફીટ રિંગ રોડ, હેલ્મેટ ચાર રસ્તા, ડ્રાઈવ-ઈન રોડ, માનવ મંદિર પાસે, મેમનગર, અમદાવાદ-380 052. ગુજરાત (ભારત)
ફોન: +91 96786 07355, +91 96876 89846 | ફેક્સ: +91 79 2741 0020
E-mail: drrgpatel@sunflowerhospital.in | www.sunflowerhospital.in

Communication Crafts


# COMPLETED PROJECTS




## RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




## RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

# NEW PROJECTS




## RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




## 3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



## 3 BHK

KIDS FRIENDLY HOMES
COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



**સંજયભાઈ પટેલ**
**(વિસલપુર)**

**+91 98254 42197**